
‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૧૯





# કેદીઓનું જીવન ઘડતર

લેખક : રઘુવીર વોરા

લોકભારતી પ્રકાશન – સણોસરા.

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૧૯

# કેદીઓનું જીવનઘડતર

રઘુવીર વોરા

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તાલુકા  શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત. ભારત **( India )**

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૫–’૧૬

સંકલન : જુગલકિશોર


૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

## અનુક્રમ

ઉપહાર ..... 3
લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ..... 4
આશીર્વચન ..... 6
બાળપણ અને અભ્યાસ ..... 7
લોકભારતીમાં શું ભણ્યા ? શું પ્રાપ્ત કર્યું ? ..... 10
અધ્યાપકપદેથી જેલ તરફ ..... 13
ક્ષમાપનની પાવન ગંગા ..... 21
પ્રાયશ્ચિતની અગ્નિજ્વાળામાં શુદ્ધ થતા માનવી ..... 27
રક્ષાબંધન પર્વ નિમિત્તે કેદીઓના હૃદયપરિવર્તનનો સફળ પ્રયોગ ..... 29
સાહેબ, અમારે કોઈ આશરો નથી ..... 34
નિર્દોષતા લોખંડી સળિયા પાછળ ..... 37
શ્રી રઘુવીર લાખાભાઈ વોરા ..... 40

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર. – **મનુભાઈ પંચોળી** (લોકભારતી. સણોસરા. તા.૧૬-૩-૮૩)

# લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટેકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા** ***શ્રી ચિરાગભાઈ પટેલ*** **ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

# આશીર્વચન

ભાઈશ્રી રઘુવીર વોરા, અધિક્ષક જિલ્લા જેલ જામનગર, તેમણે પોતાની પસંદગીની "ઝાડનાં પારખાં ફળ પરથી" પુસ્તિકા જે રજૂ કરી છે , તેનાથી ઘણો જ આનંદ થાય છે. લોકોમાં સરકારી કર્મચારી પ્રત્યે તેમજ ખાસ કરીને પોલીસ અધિકારી અને જેલ અધિકારી માટે એવી ધારણા હોય છે કે તેઓ અત્યંત ક્રૂર , પાશવી અને હૃદયથી શૂન્ય માણસો હોય છે. પણ અંગ્રેજ કવિ થોમસ ગ્રે ( Thomes Grey )એપોતાની એલેજીમાં ( Elegy )કહ્યું છે "Full many a Gems of the purest, Ray serene, Deepest Caves of the ocean bear; Full Many a flowers are born to blush unseen, and waite its sweetness on the desert air"

તેજ પ્રમાણે આ માનવ સમુદાયમાં ગણ્યાગાંઠ્યા કોઈ કોઈ "માઈના લાલ" નીકળી આવે છે. શ્રી વોરાએ પ્રથમ ભાગમાં પોતાની આત્મકથા તરીકે જે હારમાળા રજૂકરી છે તેનાથી લાગી આવે છે કે જિંદગીમાં તેમણે ઘણું વેઠ્યું છે ; અને તેઓ ઘણું શીખ્યા પણ છે.કોઈ પણ વસ્તુ જેમ કસાય તેમ શુદ્ધ બને.માણસને આ વસ્તુ વધુ લાગુ પડે છે.

શ્રી વોરાની ભાષા સરળ, સુંદર અને રોજિંદગીની છે. એટલે જે કોઈ પણ તેમનું લખાણ વાંચશે તેમને વિચારો ગ્રહણ કરતા વાર નહીં લાગે. બીજા ભાગમાં તેમણે જે નમૂના તરીકે વાનગી પીરસી છે તેના ઉપરથી ઘણું શીખી શકાય. અને અખતરા તરીકે અજમાવી પણ શકાય. મને પૂરેપૂરી આશા છે કે આ પુસ્તિકા , જે ભાઈશ્રી વોરાએ સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટના જન્મ જયંતીના અવસર પર અર્પણ કરી છે, તે વાંચીને બધાય પોતાના અનુભવ યાદ કરશે. કેટલાક વિચારો નવેસરથી શરૂ કરી અને જે બાબતો રજૂ કરી છે , તેના પર સક્રિય વિચારશીલ બનશે.મને લાગે છે કે આ પુસ્તિકા જેલોમાં અને જેલ સ્ટાફ તાલીમ શાળામાં મૂકવામાં આવે તો ઘણી સારી અસર પડશે.

**હરિશચંદ્રસિંહ**
**આઇ.પી.એસ.**
**જેલોનાઇન્સ્પેક્ટર જનરલ, ગુજરાત રાજ્ય.**

**અમદાવાદ**
**તા. ૧૯-૭-૮૨**

## બાળપણ અને અભ્યાસ

મારો જન્મ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના અલમપુર ગામમાં ૧૭ ફેબ્રુઆરી , ૧૯૪૧માં થયો હતો. હું સમજણો થયો ત્યારપછી તો જે જે બન્યું તે મારી દૃષ્ટિ સમક્ષ તરવરે છે. તેમાંથી કેટલાક બાલપણના રસપ્રદ પ્રસંગો જ અત્રે રજૂ કરું છું.

મારા પિતાજી અભણ હતા છતાં તેમની પરોપકારવૃત્તિ , વ્યવહારકુશળતા, માયાળુ સ્વભાવ, શાંત પ્રકૃતિ અને શ્રમનિષ્ઠા તો એટલે સુધી હતાં કે છેલ્લી અવસ્થામાં શરીર કાબુમાં ન રહેવા છતાં પણ ખાટલામાં બેઠાં બેઠાં કંઈક ને કંઈક પ્રવૃત્તિ કર્યા જ કરે. તેમના જીવનના અંતિમ શ્વાસ સુધી ભાગ્યે જ કોઈ દિવસે મેં તેમને પ્રવૃત્તિ વગરના જોયા હશે. ૧૯૭૮ , ૫ ડિસેમ્બર. દરેક ભાઈ-બહેનોને, અમારા કુટુંબપરિવારને ભેગાં કરી , મારા હાથે છેલ્લું ગંગાજળ પીધું. ભગવાનને ઘીનો દીવો, અગરબત્તી કરાવ્યાં ને જાણે કે બહારગામ જતા હોય તેમ અમને સૌને છેલ્લે હાથ જોડી, "હું જાઉં છું." –'રામ રામ' કરતાં પાર્થિવ દેહ છોડ્યો. જાણે મનમાં લાગ્યા કરે કે પિતાજી બહારગામ ગયા છે; હમણાં આવશે.

તેઓની અહિંસાવૃત્તિનો પ્રસંગ રજૂ કરતાં રહી શકતો નથી. મારા મોટાભાઈ ખૂબ બીમાર પડ્યા. ડૉક્ટરી સારવાર પણ એટલી જ આપી. દેશી દવાઓ પણ એટલી જ કરી છતાં કોઈ પણ સંજોગોમાં સાજા થાય નહીં. ગામ આખામાં સારી છાપ તેથી બધા જ ખબર પૂછવા આવે. ગામના એક કોળીભાઈ એકવાર ખબર પૂછવા આવ્યા. ટોપલીમાં મોટો જીવતો કરચલો લઈ આવ્યા. તેણે મારા બાપુજીને કહ્યું કે , "લાખાભાઈ, છોકરાને આનો ધુમાડો આપવાથી મટી જશે." હું તે વખતે ત્યાં જ ઊભો હતો. મારા બાપુજીએ જવાબ આપ્યો- "આ જીવની હિંસા કરીને મારા છોકરાનો જીવ બચાવવા માગતો નથી. ભાઈ , જલદી એને પાણી ભેગો કર. મારા છોકરાને આખી આવરદા ભગવાને આપી હશે તો કાંઈ નહીં થાય . મને તો ઠાકર (ભગવાન) પર વિશ્વાસ છે. એ સૌ સારાં વાનાં કરશે." અને મારા ભાઈને સારું થઈ ગયું. આવી હતી તેમની ઈશ્વર આસ્થા.

મારાં માતુશ્રી અત્યંત ધાર્મિક વૃત્તિનાં તથા સેવાપરાયણ હતાં. ગરીબીની અમીરીમાં પણ તેઓએ મને અપાર પ્રેમ આપ્યો છે અને મારી પ્રગતિમાં કોઈ શ્રમ તેઓશ્રીએ બાકી રાખ્યો નથી.

બા પાસેથી સાંભળેલી વાત છે. ઘણીવાર મારા બાળપણની મને વાત કરે. મોટાભાઈ , બહેનો, બા-બાપુજી ખેતરે લઈ જાય. ઝાડની ડાળી સાથે પછેડી બાંધી ખોયું કરે . તેમાં મને સુવાડે. તેઓ ખેતરમાં કામ કર્યા કરે. ક્યારેક માની પાછળ કપાસની સાંઠી પકડીને કે જુવારનું રાડું પકડીને પડતાં-આખડતાં , રોતાં-હસતાં બાની પાછળ પાછળ ચાલ્યા કરું. એ રીતે આખો દિવસ બા-બાપુજી સાથે ખેતરના ખોળે મોટો થતો ગયો. છએક વર્ષની ઉંમરે મને ગામની શાળામાં ભણવા બેસાડ્યો. તે વખતે ગામની શાળા માટે કોઈ સરકારી પાકું મકાન નહોતું. તેથી ગામની વચ્ચે આવેલ ચોરાના મકાનમાં બેસતા.

આમકાનમાં એક ઓસરી અને એક ઓરડો હતો. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓએ પણ એકલવ્યને અછૂત સમજીને અભ્યાસમાં ભેદભાવભર્યું વર્તન દાખવેલ , તેની ઇતિહાસ સાક્ષી પૂરે છે. તેમ અમારા માટે રાખે તેમાં નવાઈ નથી. આ સમાજને બિલાડાં, કૂતરાં, ઢોર-ઢાંખરને ઘરમાં દાખલ થવા દેવામાં વાંધો નથી , પરંતુ આ માણસજાતને ઘરમાં દાખલ કરતાં અભડાઈ જવાય તો ?!!! તે વખતે અસ્પૃશ્યતા અંગે કોઈ જાગૃતિ પ્રજામાં નહોતી કે હરિજનોમાં આજે જે સભાનતા જોવા મળે છે તે પણ નહોતી. તેથી હરિજન વિદ્યાર્થીઓને અલગ ઓસરીમાં બેસાડતા. વિદ્યાર્થી ઘરે જાય ત્યારે પાણીની છાંટ નાખી તેમનાં મા-બાપ તેમને પવિત્ર કરતાં. રાત્રે કદાચ કોઈ વખત મળવાનું થાય તો અગ્નિને અડીને કહેવાતો ભદ્ર સમાજ પવિત્ર બનતો. આ બધી મુશ્કેલીઓ હોવા છતાં પાંચ ધોરણ સુધીનું શિક્ષણ ગામની શાળામાં લીધું.

ગામમાં શાળાનો ઘંટ વાગે એટલે ગામ આખામાં સંભળાય. હું નાનપણથી જ સમયસર નિશાળે પહોંચી જતો. શિક્ષક બહારગામથી આવતા તેથી નિયમિત રીતે અનિયમિત આવે. એક દિવસ બે કલાક જેટલા મોડા આવ્યા. બધા વિદ્યાર્થીઓની જેમ હું પણ ઘેર ચાલ્યો ગયો. થોડીવાર બાદ શિક્ષક આવ્યા. ઘંટ વગાડ્યો હશે , પરંતુ સંભળાયો નહીં. છતાં ખબર પડી કે શિક્ષક આવી ગયા છે તેથી સ્કૂલે ગયા. થોડું મોડું થયું. શિક્ષકે કારણ પૂછ્યું. સાચી હકીકત જણાવી પરંતુ વિશ્વાસ બેઠો નહીં. મને ટેબલ પર હાથ રખાવી જોરથી આંકણી (લાકડાનો ગોળ મજબૂત દંડો)મારા હાથની હથેળીમાં ફટકારી. હાથ છણછણી ઊઠ્યો. ચીસ પડાઈ ગઈ. હાથમાં કાળાં ચકામાં થઈ આવ્યાં ને સોજી ગયો. મને પણ ગુસ્સો ચડ્યો. મનમાં વિચાર કર્યો , મારો વાંક નથી છતાં મને શા માટે મારે ? મારી બગલમાં સ્લેટ હતી. જોરથી શિક્ષકના માથામાંમારીને ચારેક ફૂટ ઊંચી ઓસરીમાંથી છલાંગ મારીને ભાગી ગયો. શિક્ષક પાસે માફી

મંગાવી. મેં જોયું કે શિક્ષકને પણ પોતાની ભૂલ સમજાઈ હશે. મને વર્ગમાં બેસાડ્યો. ત્યાર બાદ કોઈપણ ગુરુવર્ય સામે આજદિન સુધી અશિસ્તભર્યું વર્તન દાખવ્યું નથી.

અત્યંત મુશ્કેલીઓમાં ધોરણ આઠ સુધી રાણપુર આવ –જા કરીને અભ્યાસ પૂરો કર્યો. હાઈસ્કૂલમાં વિશેષ તૈયારી કરીને વાંચીને જવાનું. અભ્યાસમાં ખૂબ કાળજી રાખવી પડે. મોટા ભાગનો સમય જવા-આવવામાં પસાર થાય તેથી હૉસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાનું વિચાર્યું અને મારા એક મિત્ર દ્વારા સાર્વજનિક હૉસ્ટેલ લાઠીમાં રહીને હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ કોઈપણ વિઘ્ન વગર પૂરો કર્યો. છોકરાઓ સાથે ગામના પાદરમાં આંબલી-પીંપળી રમવાની , ગીલીદંડા કે ભમરડાથી બીજાના ભમરડાને ઘોયાં મારવાની , નદીના ધરામાં ડૂબકી-દાવ રમવાની , ઊંધિયા, પલોઠિયા, ડાઈ વગેરે જુદીજુદી જાતના ધૂબકા મારવાની , રેતીમાં આળોટવાની , વરસાદના પાણીમાં નાચવાની-કૂદવાની , કાગળની હોડીઓ બનાવીવરસાદનાં વહેતાંપાણીમાં મૂકી હરીફાઈ કરવાની વગેરેમાં થાકતો નહીં. જન્માષ્ટમીમાં ચોયણી ને ઘેરવાળું કેડિયું પહેરીને રાસગરબાની રમઝટ પણ ક્યારેક બોલાવતો હતો. આમ કુદરતને ખોળે , મસ્ત રીતે અભ્યાસ કરતાં કરતાં જીવનનો આનંદ માણતો હતો. આજે પણ એ કુદરતી દેનને જીવનમાં જાળવી રાખી છે, જેનો અત્યંત આનંદ અનુભવું છું.

૧૯૬૦માં હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યા બાદ આગળ અભ્યાસ કરવા વિચાર કર્યો. લાઠી સાર્વજનિક બોર્ડિંગમાં રહીને અભ્યાસ કરતો હતો ત્યારે લોકભારતીના વિદ્યાર્થી શ્રી પ્રેમશંકરભાઈ રાજ્યગુરુ અને તેમનાં માયાળુ પત્ની શ્રીમતી ઊર્મિલાબહેન રાજ્યગુરુ કે જેઓ લોકભારતીના પ્રાણસમા શ્રી મૂળશંકરભાઈનાં પુત્રી થાય , તેમના નિકટના પરિચયને કારણે તેમની સાથે અનેકવાર લોકભારતીની શિક્ષણપદ્ધતિ અને તેના વાતાવરણ અંગે સાંભળ્યુ હતું. તેઓની સાથે બે-ત્રણ વાર લોકભારતી આવવાનું થયું ત્યારે લોકભારતીના વાતાવરણનો પ્રત્યક્ષ અનુભવ થયો.

તે વખતે મેં વિદ્યાર્થીઓને આંબાવનમાં ઝાડની નીચે વાંચતાં , ચર્ચાઓ કરતાં, ખામણાં ખોદતાં, ગાયોનાં દૂધ દોહતાં , ખેતરોમાં પ્રયોગો કરતાં , પાણી પાતાં, છાસ વલોવતાં જોયાં. મારો ઉછેર પણ ગ્રામ્ય સંસ્કૃતિમાં જ થયો હોઈ ગ્રામાભિમુખ શિક્ષણસંસ્થામાં જ અભ્યાસ માટે જવું તેમ વિચારીને લોકભારતીમાં અભ્યાસ કરવા આવવાનું નક્કી કર્યું અને એ રીતે જરૂરી તૈયારી સાથે લોકભારતીમાં અભ્યાસ માટે દાખલ થયો.

## લોકભારતીમાં શું ભણ્યા ? શું પ્રાપ્ત કર્યું ?

વિષય ઘણો લાંબો છે. ઘણી યાદીઓ થઈ શકે. ઘણું લખી શકાય ; પરંતુ એ બધું અત્રે અપ્રસ્તુત હોઈ ટૂંકમાં નીચેની બાબતો,જે અંગે મારા મન પર વિશેષ અસર પહોંચી છે , જે મારા જીવન ઘડતર માટે અત્યંત ઉપયોગી રહી છે, તે નીચે મુજબ છે.

- શ્રમનું ગોરવ

લોકભારતીના શિક્ષણે અમારા સૌના જીવનમાં ગૌરવયુક્ત સ્થાન પ્રાપ્ત કર્યું છે. શ્રમને માનવસમાજની વ્યવસ્થાના પાયા તરીકે સ્વીકારવામાં આવ્યો છે. જે કોઈ વિદ્યાર્થી લોકભારતીમાં અભ્યાસ કરવા દાખલ થતા તે પૈસાદાર હોય કે ગરીબ-તેવા કોઈ પણ ભેદભાવ વગર સૌએ સમાજ ઉપયોગી શ્રમ કરવાનો જ, તેવું ધોરણ છે. તેના કારણે શ્રમની પ્રતિષ્ઠા વધી છે. દરેક પ્રકારનાં કામો અમે સૌ હોંશે હોંશે કરતા હતા એટલું જ નહીં વેકેશનમાં ઘેર આવતા ત્યારે પણ બેવડા ઉત્સાહથી કામ કરતા હતા. ત્યારે અન્ય કૉલેજમાં વિદ્યાર્થીથી હું જુદો તરી આવતો. સામાન્ય રીતે કૉલેજમાં ભણવું એટલે શ્રમવિમુખ થવું તેવી છાપ ગામડાંના નિર્દોષ લોકો પર હતી, જે મારા પૂરતી મારા ગામમાંથી કાઢવાનો પ્રયત્ન કર્યો છે.

આજે પણ શ્રમ મારા જીવનમાં વ્યાપક પ્રમાણમાં ગુંજતો રાખ્યો છે. જીવનની હરેક પળમાં તેનું આગવું સ્વરૂપ છે અને એ મહત્ત્વને કારણે સામાજિક ક્ષેત્રમાં જ્યાં જ્યાં કામ કર્યું છે, ત્યાં એ શ્રમ આગવી રીતે દીપી ઊઠેલ છે. પૂના ખાતેની ટ્રેનિંગમાં એ ગૌરવને જીવનમાં ઉતારવાથી જ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.

- અધ્યાપકો ને વિદ્યાર્થી વચ્ચે નિર્મળ સંબંધો અને કૌટુંબિક ભાવના

લોકભારતીના સમગ્ર વાતાવરણમાં અમને કૌટુંબિક ભાવનાનો અનુભવ થયો છે. વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સમગ્ર રીતે પરિવારના સભ્ય તરીકે હોય તે રીતે સંબંધો વિકસ્યા છે. અને આજે પણ વર્ષે , બે વર્ષે મુનિભાઈ , બુચભાઈ કે મનુભાઈને મળી આવીએ ને કંઈક જીવનનું ભાથું મેળવી આવીએ તેવું લાગ્યા કરતું હોય છે. અને કુટુંબો સાથે રસોડા સુધીના સંબંધો નિખાલસ રીતે હંમેશાં રહ્યા છે. ઉપરાંત શિક્ષણમાં માર્ગદર્શન માટે વર્ગ પૂરતું જ શિક્ષણ નહીં પરંતુ ઘરે પણ ગમે ત્યારે માર્ગદર્શન માટે જતા ત્યારે ઉમળકાભેર અમને માર્ગદર્શન આપવામાં આવતું હતું.

- કાર્યાનુભવ

અમે જે શિક્ષણ લેતા હતા તેમાં ફક્ત સૈદ્ધાંતિક જ નહીં પરંતુ પ્રત્યક્ષનો અમલ પણ કરતા. દૂધ ને દૂધની બનાવટથી માંડીને જુદી જુદી જાતની કલમ, ખેતી કે જમીનની ચકાસણી, ખાદી વણાટ કે સાબુની બનાવટ, હળ ચલાવવું કે દૂધ દોહવું ઉપરાંત પ્રયોગશાળામાં વનસ્પતિ ને જીવજંતુને લગતા પ્રયોગો વગેરેનું જીવંત શિક્ષણ ચાર દીવાલોની બહાર મેળવી શક્યા છીએ,

- ચારિત્ર્યઘડતરનું કામ

પૂ. નાનાભાઈ, પૂ. મનુભાઈ, પૂ. ભાઈ વગેરેના સાંનિધ્યમાં રહેવાની, ખૂબ નજીકથી તેમનું જીવન જાણવાની અને સમજવાની તક મળી છે. સવાર-સાંજની સામૂહિક પ્રાર્થનાઓ , સાંસ્કૃતિક કાર્યક્રમો, પરિસંવાદો, છાત્રાલયનું સામૂહિક સાદગીભર્યું વાતાવરણ ; સવાર-સાંજની દૈનિક પ્રવૃત્તિઓ, જીવન તપાસવા માટે દરરોજ લખાતી નોંધ આજે પણ વાંચું છું ત્યારે ખૂબ આનંદ થાય છે. શિક્ષણ ફક્ત ચાર દીવાલો વચ્ચે જ નહીં , પરંતુ સામૂહિક વર્તણૂક અને બીજા માટે ઘસાઈ છૂટવાની ભાવના ને વિશેષ કરીને રાષ્ટ્રિય ચારિત્ર્યની શિસ્તબદ્ધ તાલીમ અમે ત્યાંથી મેળવી છે, જે જિંદગીમાં કદી ભુલાશે નહીં.

- નિર્ભયતાનું શિક્ષણ

અમે સૌ સ્વતંત્ર રીતે અભ્યાસ કરતા. પરીક્ષાપદ્ધતિ ખરી પરંતુ પરીક્ષા પદ્ધતિનાં જે દૂષણો હાલ અન્યત્ર જોવા મળે છે તેવું કશું અનુભવ્યું નથી. દરેક વિદ્યાર્થી આંતરિક શિસ્તમાં માનતો. દરેકને ભાગે પડતું કામ સમજીને સમાજજીવનના અંગ તરીકે અમે સૌ કરતા. એમાં કોઈને કંઈ કહેવું પડતું નહોતું. અધ્યાપકો સાથે ખુલ્લા દિલથી વર્ગમાં ચર્ચા કરી શકતા. છાત્રાલયજીવનનો દરેક પ્રશ્ન નિર્ભય રીતે રજૂ કરતા. તહેવારો , જયંતીઓ, રાષ્ટ્રિય તહેવારો અનેરા ઉત્સાહથી સૌ સાથે મળીને ઊજવતા.

હોળી જેવા તહેવારોમાં પૂ. નાનાભાઈ અપંગ અવસ્થામાં હોવા છતાં બહાર ફળિયામાં બદામ નીચે ખુરશી નાખી બેસતા. અમે સૌ તેમને કંકુનું તિલક કરતા અને રંગ-ગુલાલની છોળો ઉડાડતા.

મનુભાઈને ટીંગાટોળી કરીને પેટ પર કાદવ લગાવી , બે ગાલ મેશવાળા કરી, કિકિયારી કરતાં સૌ માથે ઉપાડી પાણીની ભરેલી કૂંડીમાં અચૂક ઝબોળતા. તેઓ પણ અમારા સૌની લાગણીઓ સાથે તન્મય બનીને અમારી સાથે ભળતા.છતાં ગુરુવર્ય પ્રત્યેનો આદર અમે કદી છોડ્યો નથી. તેમના સહચર્યમાં – તેમના સાંનિધ્યમાં જ અમારો વિકાસ કરી શક્યા છીએ.

- સહશિક્ષણ અને સ્ત્રી કેળવણી

કાઠિયાવાડમાં અને તે સમયનાં ગામડાંઓમાં બહેનો સાથે વાત કરી શકાતી નહોતી તેવું રૂઢિચુસ્ત વાતાવરણ હતું તેમ છતાં લોકભારતીમાં સહશિક્ષણના પ્રયોગે અમારાં સૌના મનમાં પરિવારની ભાવના, ભાઈ-બહેનના નિર્મળ સ્નેહની ભાવના ઊભી કરી છે. અને બહેનો માટેનાં શિક્ષણનાં દ્વાર ખોલ્યાં છે. તેનું મહત્ત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે.

- વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ

ગામડાંઓમાં ફળઝાડની ખેતી કે યુરિયા ખાતર (રાસાયણિક ખાતર) કે પશુપાલન માટે કૃત્રિમ વીર્યદાન કે અસ્પૃશ્યતાનિવારણ, સ્ત્રી-શિક્ષણ કે પ્રૌઢશિક્ષણ અંગે પ્રચાર માટે જતાં ત્યારે જે અનુભવો થયા છે, જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે, જે લોકશિક્ષણનું કાર્ય અમે કરતા તેનો પ્રત્યક્ષ અનુભવ અમારા જીવનમાં પડ્યો છે અને એ રીતે જીવનઘડતરમાં , જીવનદૃષ્ટિ કેળવવામાં, જીવન જીવવા માટેનો અનોખો અવસર- અનોખો ઉત્સવ અમારા સૌના જીવનમાં અનુભવ્યો છે, તેના અનુભવની જેટલી ગાથા ગાઉં તેટલી ઓછી છે.

## અધ્યાપકપદેથી જેલ તરફ

લોકભારતીમાંથી સ્નાતક થયા બાદ ગુજરાત વિદ્યાપીઠમાં અનુસ્નાતકનો અભ્યાસ પૂરો કરી મૂક સેવક શ્રી જુગતરામભાઈની છત્રછાયામાં ગાંધી વિદ્યાપીઠ વેડછીમાં અધ્યાપક તરીકે કામ કરવાનો મોકો મળ્યો તે મારું અહોભાગ્ય સમજું છું.

ગાંધી વિદ્યાપીઠ અને લોકભારતી આજુબાજુના પ્રજાજીવનને સુખદુઃખમાં સાથે રહીને સમાજમાં ઉત્થાનનું કામ, ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓને નજર સામે રાખીને તેને આત્મસાત્ કરવા હંમેશાં પ્રજા સાથે રહેલ છે તે ગુજરાતનું સદ્ ભાગ્ય છે. તેથી આ સંસ્થાઓના અધ્યાપકો, વિદ્યાર્થીઓ જ્યાં આફતનું કામ હોય – પછી તે રેલ રાહતનું , કોમી રમખાણોનું, દુષ્કાળનું કે બાંગલાદેશના હત્યાકાંડનું કે પછી ડાકુઓની શરણાગતિનું –ગમે તેવા કાર્યમાં પ્રજા સાથે એકરૂપ બનીને પોતાનું હીર દેખાડવા પ્રયત્ન કર્યા છે. વિદ્યાપીઠમાં કામ કરતાં કરતાં આ બધી પ્રવૃત્તિઓમાં જોડાવાનું સદ્ ભાગ્ય પ્રાપ્ત થયું છે.

બિહારના મસુહરી બ્લૉકમાં જ્યારે અસામાજિક તત્વોએ અનેક સર્વોદય કાર્યકર્તાઓનાં ખૂનોની હારમાળા સર્જી તે વખતે લોકનાયક પૂજ્ય જયપ્રકાશજી મસુહરી બ્લોકમાં ધૂણી ધખાવતાબેઠા હતા ત્યારે ત્યાં નઈતાલીમની દૃષ્ટિએ શિક્ષણમાં કંઈક નક્કર કાર્ય હાથ ધરાય તેવી તેમની ઇચ્છા હતી. એટલે ત્યાંના આયોજન માટે (મારા ગુરુ)શ્રી જ્યોતિભાઈ દેસાઈ સાથે તા. ૨૧-૬-૭૧ના રોજ ગાંધી વિદ્યાપીઠમાંથી રવાના થયો. તે વખતે પૂજ્ય જયપ્રકાશને પટણા તેમના નિવાસસ્થાને મળ્યો. બિહારમાં તે વખતે ગંગા-જમુનાનાં ભયંકર પૂરને કારણે ત્યાં જઈ શકાય તેવી સ્થિતિ નહોતી. બીજી બાજુ પાકિસ્તાની સૈન્યના દમનનો કોરડો જ્યારે પૂર્વ પાકિસ્તાની જનતા પર વીંઝાયો ત્યારે એક કરોડ નિર્વાસિતોએ પોતાની સોનાર બંગલાને તજીને પોતાનો જીવ બચાવવા ભારતમાતાની ગોદમાં આશ્રય લીધો ત્યારે એ શરણાર્થીઓની સેવાનો પણ પ્રશ્ન હતો. તેથી તેને અગ્રસ્થાન આપવામાં આવ્યું. અમે વારાણસી પહોંચ્યા. હું શ્રી નારાયણ દેસાઈની આજ્ઞાનુસાર ગાંધી વિદ્યાપીઠની એકસો શાંતિસેનાની ટુકડી સાથે બાંગલા દેશના શરણાર્થીઓની છાવણીમાં જવાનું નક્કી થતાં પૂર્વતૈયારી માટે રવાના થયો.

પૂજ્ય જયપ્રકાશજી સાથેની મુલાકાત દરમ્યાન ડાકુઓની શરણાગતિનો પ્રશ્ન પણ તે વખતે રજૂ થયો હતો. પરંતુ માનવતાના ઉપરોક્ત કામનું તાત્કાલિક મહત્ત્વ હોઈ તેમાં જોડાયા. ત્યારબાદ ૧૯૭૨માં ચંબલના ખૂંખાર ડાકુઓએ પોતાનાં શસ્ત્રો પૂજ્ય જયપ્રકાશજીને શરણે ધરીને

શાંતિનો દમ ખેંચ્યો ત્યારે ચંબલઘાટી શાંતિમિશન , કસ્તુરબા સેવા સંઘના ઉપક્રમે ગાંધી વિદ્યાપીઠની બી. એડ. તાલીમશાળાના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો સાથે શ્રી જ્યોતિભાઈ દેસાઈને પૂ. મણિબહેન નાણાવટી સાથે રહીને ૧૦૦ જેટલા ડાકુઓનો સેમ્પલ સર્વે કર્યો. આ સમય દરમ્યાન ભીંડ, મુરેના વગેરે વિસ્તારમાં ડાકુ પરિવારનાં સભ્યોને મળવાનો મોકો મળ્યો ને તેમનાં અંતર્ગત જીવનની ઝાંખી થઈ.

- કૅમેરો અને પર્સ પાછાં મોકલાવ્યાં

૧૮-૯-૭૨ના રોજ મુરેના ગોપાલા નગરમાં ખ્યાતનામ ડાકુ માધોસિંહના ઘેર ગયા. ઘેર માધોસિંહની મોટી દીકરી અને તેનાં પત્ની હતાં. મારી મુલાકાતનું કામ પૂરું કર્યું. ભોજનનો વખત હતો. જમવા માટે ખૂબ ખૂબ આગ્રહ કર્યો , પરંતુ ગ્વાલિયર એક સભામાં પહોંચવાનું હતું, તેની ઉતાવળમાં મારો કૅમેરો અને પાકીટ-જેમાં રૂા.૨૦૦ હતા-તે ભૂલી ગયો.વચ્ચે જતાં યાદ આવ્યું. પાછું જીપમાં આવી શકાય તેમ નહોતું , તેથી શાંતિ મિશનના એક માણસને બસમાં મોકલ્યો. આ બાજુ માધોસિંહની મોટી દીકરી પર્સ અને કૅમેરો લઈ બસસ્ટેન્ડે કોઈને તે મોકલવાની તૈયારી કરી રહી હતી. સાંજ સુધીમાં મારી વસ્તુ અકબંધ મને મળી. આ પ્રસંગથી મારા મનમાં ખૂબ જ ઉમદા છાપ ઊભી થઈ.

- જેલની કામગીરીમાં જોડાયો

અવારનવાર કેદીઓના જીવનમાં ડોકિયું કરતાં ગુન્હાહિત પ્રવૃત્તિ અટકાવવા કંઈક રચનાત્મક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન થાય તો ચોક્કસ તેમના જીવનપરિવર્તનમાં બળ મળે છે. અને એ રીતે આ પ્રવૃત્તિમાં રસના વિષય તરીકે જોડાયો છું.

છેલ્લાં છએક વર્ષના અનુભવ પરથી એક વાતની પ્રતીતિ થઈ છે કે જેલમાં સવારથી માંડીને સાંજ સુધીની એવી કોઈ પ્રવૃત્તિ નથી કે જેમાં શિક્ષણ ન હોય. આ બધી પ્રવૃત્તિઓને શૈક્ષણિક ઓપ આપવાથી તેમના જીવનપરિવર્તનમાં ખૂબ સહાયભૂત થવાય છે.

આંખો ઉઘાડી અને હૃદય ધબકતું રાખી ગુનાહિત વ્યક્તિઓના જીવનમાં ડોકિયું કરવાથી તેમ જ મુલાકાતની બારી પર પરિવારો સાથે જ્યારે હૃદયદ્વાર ખુલ્લાં હોય ત્યારે કાન સરવા રાખી તેમની સુખ-દુઃખની કથાઓ ને કથનીઓ અશ્રુભીની આંખે સાંભળું છું ત્યારે ગુનાહિત પ્રવૃત્તિની જનેતા કોણ છે , તેનું વાસ્તવિક દર્શન થાય છે. તેમને ધિક્કારની જગ્યાએ પ્રેમાળ

વાતાવરણની જરૂર છે. સાચા માર્ગદર્શનની તેમને જરૂર છે , સત્યનો રાહ દેખાડવાની તેમને જરૂર છે. સાચા માર્ગદર્શનની તેમને જરૂર છે. સત્યનો રાહ દેખાડવાની તેમને જરૂર છે. કરુણાના પાઠ શિખવાડવાની તેમને જરૂર છે. ઈશ્વર પ્રત્યે શંકાશીલ વૃત્તિને બદલે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનો પાયો ધરબવાની જરૂર છે. તેઓ માનવી છે, ને કદીક એની માનવતા મહોરશે તેમાં શંકા નથી.

લોકભારતી, ગાંધી વિદ્યાપીઠ કે ગુજરાત વિદ્યાપીઠની દરેક શૈક્ષણિક પ્રવૃત્તિ જેલના વ્યવસ્થાતંત્રમાં ગોઠવી શકાય તેમ છે અને ગુનાહિત માનસ-પરિવર્તનમાં વૈચારિક ક્રાન્તિ લાવી પરિવર્તન લાવી શકાય તેમાં લેશમાત્ર શંકા નથી , પરંતુ જરૂર છે સાચી નિષ્ઠા અને સાચી દૃષ્ટિની, જે અમે લોકભારતીના શિક્ષણમાંથી યત્ કિંચિત મેળવી શક્યા છીએ. તેનો આનંદ અને તેનું ગૌરવ છે. તેથી સમાજના ઋણાનુબંધમાં રાષ્ટ્રના વિકાસ અર્થે યત્ કિંચિત ઉપયોગી થવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યો છું.

‘સાહેબ, મારી નાખો, ફાંસી દઈ દો. મેં સારું કામ કર્યું નથી, મારી જિંદગી લજવાણી’

રામાબાપા ગામના આગેવાન. મોભાદાર કુટુંબ , ભર્યુંભાદર્યું ઘર. ઘરમાં પતિ-પત્ની , બે છોકરી, એક છોકરો અને છોકરાની વહુ આનંદથી રહે. અચાનક રામાબાપાનાં પત્નીનું અવસાન થયું. ઘરની જવાબદારી તેમના પર આવી પડી. દીકરીનાં લગ્ન બે વર્ષ પહેલાં જ થઈ ગયાં હતાં. તેમના રિવાજ મુજબ દીકરાના લગ્ન મામાની છોકરી સાથે જ થયાં હતાં. છોકરાના સસરાને એક પણ દીકરો નહીં હોવાથી આ છોકરાને ઘરજમાઈ રાખવાની તેમની ઇચ્છા ખરી. આ બાજુ રામાબાપાને પણ એકનો એક દીકરો અને ઘરની જવાબદારી, છતાં છોકરો સમજુ હતો તેથી બંને પક્ષે સમતોલ વ્યવહાર રાખતો હતો. પરંતુ એક દિવસ છોકરાની વહુને તેની નણંદ સાથે ઝઘડો થયો. છોકરીને ગાળો દીધી. “રાંડને ન પોહાતું તો વેસી નાખોને. આંય શું કામને રાખી છે ?”રામાબાપા હુક્કો ગગડાવતા માળિયા પર બેઠા હતા. તેમનાથી સહન ન થયું. મારા દીકરા, દીકરીયુંનો એક જ નિભાડો. હું મૂવો બેઠો છું ને દીકરાની વહુ આવી ગાળ બોલે !!! ને રામાબાપા ભાન ભૂલ્યા. ચપ્પુ હાથમાં લીધું ને દીકરાની વહુનું નાક દીકરાની હાજરીમાં કાપી નાખ્યું. “આનાકવાઢી મારે જોઈએ જ નહીં. મારી હાજરીમાં આવું બોલે છે ?”રામાબાપાની ધરપકડ થઈ. જેલમાં આવ્યા.

માણસગુસ્સામાં આવીને અમુક કૃત્ય કરી બેસે છે ; પરંતુ જેલના દરવાજામાં પગ મૂકતાં જ જિંદગીનું ભાન થાય છે. તે વખતે તેને થાય છે કે ક્ષણિક આવેશ હું કેમ ન રોકી શક્યો ? પરંતુ આપણામાં કહેવત છે કે રાંડ્યા પછી ડહાપણ શું કામનું ? રામાબાપા જેલમાં બૂમબરાડા પાડવા લાગ્યા. "સાહેબ, મને મારી નાખો, મને ફાંસીએ દો, મેં સારું કામ કર્યું નથી. જાતી જિંદગી મારી લજવાણી. હવે મારે જીવીને શું કરવું છે ? હું ખરાબ નથી. મારો છોકરો ખરાબ નથી. મારા છોકરાની વહુ ખરાબ નથી. કોઈ ખરાબ નથી. મારાથી આ શું થઈ ગયું ? મારા દીકરાની વહુનું નાક મારા હાથે કપાયું ? મારા હાથ કેમ કપાઈ ન ગયા ? આ જિંદગી મારા માટે નકામી છે. દુનિયામાં જીવવા જેવું નથી. મને બંદૂકે દઈ દો. મારી નાખો - ઠાર કરી દો - શું જોઈ રહ્યા છો. ઠાર કરો સાહેબ, ઠાર. મારી મોટી દીકરીએ પણ મને કહ્યું કે મારા બાપનું મોત આવ્યું તે આવું કર્યું, લજવાયો નહીં."

જેલમાં આવા પ્રસંગોએ અમારી ખરી કસોટી થતી હોય છે. આવી સ્થિતિમાં કેદી પોતાની શુધબુધ ખોઈ બેસે છે. ને જો પૂરી સાવચેતી રાખવામાં ન આવે તો કેદી આત્મહત્યા પણ કરી બેસે. આવા પ્રસંગોએ ખૂબ સહાનુભૂતિપૂર્વક તેમને સાંભળું છું. તેમના મનનો ઊભરો ઠાલવવા દઉં છું.તેમને જે કાંઈ કહેવું હોય તે કહેવા દઉં છું. ક્યારેક કોઈ કેદી પોક મૂકીને પણ રડતો હોય છે ને પોતાના આવેગો બહાર કાઢતો હોય છે. ત્યારબાદ તેને સમજાવું છું. તેમના કુટુંબની , સગા-સંબંધીની ભાળ મેળવીને તાત્કાલિક લખવામાં આવે છે. કેદી કંઈક અજુગતું ન કરી બેસે તે માટે વાર્ડર, વૉચમેન, સિપાહી વગેરેની સતત દેખરેખ રાખવા સૂચના આપું છું ને સતત તેના સંપર્કમાં રહીને પ્રાત્યાઘાત ભુલાવવા પ્રયત્ન કરું છું – ને કરેલી ભૂલનું પ્રાયશ્ચિત થાય તે માટે અંતઃકરણપૂર્વક ઈશ્વરની પ્રાર્થના કરવાનું , સારાં પુસ્તકો વાંચવાનું , સારા વિચારો કરવાનું કહું છું. તેમના પરિવાર સાથે સાતત્ય જળવાય તે માટે પ્રયત્નો કરું છું.

પોતાના કૃત્ય બદલ નામદાર કોર્ટ તરફથી સજા અંગેનો ચુકાદો આપવામાં આવે છે ત્યારે પથ્થર–હૃદયનો માનવી પણ ભાંગી પડે છે. અને જેલના દરવાજે દાખલ થતાં જ પોતાનો ભૂતકાળ અને ભવિષ્ય તરફ મીટ માંડે છે . કુટુંબ અને સમાજ પ્રત્યેની તેની જવાબદારી તેમજ જિંદગીનાં અમૂલ્ય વરસો જેલની ચાર દીવાલોની વચ્ચે રહીને પાંગળો બનવાની પરતંત્રતા , પ્રિયજનોના વિરહનું દુઃખ વગેરે... આવો તાજો જ સજા લઈને આવેલો કેદી ઘડીભર માનસિક સમતુલા ગુમાવી બેસતો હોય છે, અને વિચારવમળોમાં ખોવાઈ જાય છે.

આવા પ્રસંગોએ માનસશાસ્ત્રીય રીતે તેનો અભ્યાસ આવશ્યક ને અનિવાર્ય થઈ પડે છે , અને અહીંથી જ આવા લાંબી સજાના કેદીની જિંદગીનું સમ-આયોજન અગત્યનું થઈ પડે છે. તેથી તેનો બહારનો ધંધો – તેની સજા, તેની તંદુરસ્તી, શિક્ષણ, ગ્રામ ને શહેરી વિસ્તાર, તેની અભિરુચિ, સમાજમાં પુનઃવસવાટ માટેની ભાવિ તૈયારી વગેરેને નજર સામે રાખીને તેનું વિચારપૂર્વક આર્થિક,સામાજિક પરિવર્તનશીલ આયોજન કરવામાં આવે છે. અને એ રીતે તેના જીવનને સમાજમાં પુનઃસ્થાપિત કરવા માટેના શૈક્ષણિક રીતે પ્રયત્નો કરવામાં આવે છે.

અહીં તો છૂટીશું પરંતુ ભગવાનના દરબારમાં કેવી રીતે છૂટીશું ?

માણસ પાપ કરે છે પરંતુ એ પાપનું ફળ તો ભોગવવું જ પડે છે. તેમ ઊંડે ઊંડે તેમના દિલમાં લાગ્યા કરે છે. એટલે જ ગ્વાલિયરની સેન્ટ્રલ જેલમાં શરણે આવેલ ખૂંખાર ડાકુ માધોસિંહ અમને ઘણીવાર કહેતો, "સાહેબ, આ જિંદગીથી હવે અમે કંટાળી ગયા છીએ. અમારે જીવનમાં શાંતિ જોઈએ છે. અને એટલે જ ઈશ્વરનો આશરો લીધો છે." એક ખૂંખાર ડાકુના હૃદયમાંપણ આ શબ્દો પડેલા છે.

કેદીઓ ગમે તેવા ક્ષણિક આવેશમાં અસામાજિક કૃત્યો કરીને જેલમાં આવે છે ત્યારે જેલમાં દાખલ થતાં જ તેનું ભાન તેમને થાય છે. એક રાજકીય આગેવાનના ખૂનકેસમાં સંડોવાયેલ કેદી જ્યારે સંત મોરારિદાસ હરિયાણી જેલની મુલાકાતે આવ્યા ત્યારે સાષ્ટાંગ પ્રણામ કરી ચોધાર આંસુએ રડતો રડતો બોલતો હતો : બાપુ , અહીંથી તો છૂટીશું પરંતુ ભગવાનના દરબારમાં કેવી રીતે છૂટીશું ? પૂ. મોરારિબાપુએ તેને આશ્વાસન આપ્યું. ગમે તેવા કઠોર માનવીને પણ ભગવાનનો ડર છે જ. અને એ ડરના કારણે જ માણસ ખોટી પ્રવૃત્તિ કરતાં અચકાય છે. તેનું દિલ દુભાય છે. ઘણા સમયથી જેલમાં રહેલા આ કેદીના જીવનમાં ડોકિયું કરતાં તેનું વ્યક્તિગત જીવન જોતાં , દેખાયું કે તે ગીતા અને રામાયણનો ખૂબ જ અભ્યાસી હતો. તુલસીદાસની ચોપાઈઓ ગાતો હતો. લાંબા સમય સુધી ઉપવાસ , નિયમિત ધ્યાન અને પૂજા, સુંદર પુસ્તકોનું વાંચન કરતો હતો.

કેદીઓમાં પડેલી ટેવો એકદમ અદૃશ્ય થતી નથી. પરંતુ ભગવદ્શરણ અને માનવીય પ્રેમની અસર કાયમ થતાં જ તે સુધરે છે . એટલું જ નહીં તેઓમાં વિશ્વાસ મૂકવાથી તે વિશ્વાસપાત્ર બને છે. જિસસ પ્રભુએ કહ્યું છે કે , "પશ્ચાત્તાપની આશા રાખતાં પહેલાં ક્ષમાવૃત્તિ

દાખવો. જ્યાં ધિક્કારની લાગણી પ્રવર્તતી હોય ત્યાં પ્રેમની વાવણી કરો." કેદી પણ એક માનવ છે. ને કદીક એની માનવતા મહોરશે જ. આ પંથ ભૂલેલાઓ માટે જરૂરી છેધીરજ, વફાદારી અને એને માફ કરવાની વૃત્તિ. સ્વતંત્ર વ્યક્તિ તરીકે માન આપ્યા વગર એનો વિકાસ થઈ શકવાનો નથી.

કેદીઓના કઠોર હૃદયમાં ભરાયેલી સંવેદનશીલ ઊર્મિને પણ અભિવ્યક્ત કરવાની તક પણ યોગ્ય વાતાવરણ પૂરું પાડવાથી મળે છે. અત્યાર સુધી જૂનાગઢ અને જામનગર "સરવાણી" અને "પ્રાયશ્ચિતનેપંથે" હસ્તલિખિત અંકો પ્રકાશિત કરેલ છે. કેદી બાવજીભાઈ પોતાની પલભરની, ભૂલ કે ક્રોધને પ્રાયશ્ચિત્તરૂપે યાદ કરતાં કહે છે –

ખબર મુજને ક્યાં હતી, બેડી જડાશે હાથમાં,

વણ ખારવે નાવ મારી ચાલી જશે મજધારમાં.

બાજી બધી બગડી જશે, બની જશે ક્ષણવારમાં

જિંદગી ચાલી જશે આવેશથી અંધકારમાં.

દર્દ ભર્યું છે દિલમહીં, સૌને કહું છું કાનમાં,

ઇલાજ કંઈક આપી શકો તો હજી રહ્યો છું ભાનમાં.

નિરાશ ન થઈશ બાવજી, બેસી જજે ઈશ ધ્યાનમાં,

આશાદીપ જલાવજે, તો તરી જશે સંસારમાં.

આગળ પ્રાયશ્ચિત કરતું બાવજીનું દિલ બોલી ઊઠે છે. " કુકર્મ છે કર્યાં લાખો ભલે, હવે ન કરું તો બસ." એમ કહેતાં પ્રભુને ખરા હૃદયથી પ્રાર્થે છે :

"અમારા જીવનના આધાર પ્રભુજી પંથ બતાવોને" રક્ષાબંધન દિને બહેનીને યાદ કરતાં વચન આપે છે , "હમ સબ મિલકર કહતે હૈં બંદે , અબસે કર્મ કરેંગે નહીં ગંદે." અને છેલ્લે પ્રાયશ્ચિતથી પ્રભુને પોકારતાં કહે છે , "વહાલા મારા દયા રે કરીને દીનદયાળ, ઉગારો બાળક જાણીને." લવજીભાઈ પ્રભુ પાસે ખરા હૃદયથી પ્રાયશ્ચિત કરે છે.

આવા જ એક બંદીવાન મિત્ર કવિ જેઠુભા "વિરહી" ઓતરાતી દીવાલોને ઓળંગીને પોતાની સંવેદનાઓ વ્યક્ત કરતાં કહે છે , "જિંદગી જેવી જિંદગી કોઈની ઝેર કરશો મા , માનવ માનવી વચ્ચે વેર કરશો મા." વેરઝેરના ક્રોધનું ભોગ બનેલું હૃદય ભૂલ કબૂલ કરતાં બોલી ઊઠે છે, "ભૂલો પડી ભટકી વળ્યો ભવ અટવી ! નથી ઉદ્ધાર હવે મારો તારા વગર !"

ભૂલનો એકરાર એ પ્રાયશ્ચિતના પુનિત મંદિર તરફ ગતિ કરવાનું પ્રથમ સોપાન છે. કવિ "વિરહી"નું દિનપ્રતિદિન જેલજીવન જોઉં છું તો દિવસરાત સતત ઈશ્વર સાથેની તેમની અનુભૂતિ અને જીવનદર્શન તેમના ચહેરા પર જોઈ શકય છે.

આવા તો અનેક શુભ પ્રસંગો રોજ-બરોજના જીવનમાં જોવા મળે છે. એનું એક જ કારણ ઈશ્વર નામનું કોઈ તત્વ અસ્તિત્વમાં છે. તે વાતની પ્રતીતિ તેમના જીવનમાં કરાવવાથી પથ્થર દિલનો માનવી પણ પીગળી શકે છે. જેલમાં ડગલે ને પગલે નૈતિકતાનું શિક્ષણ મળે તે માટેના અનેકવિધપ્રયત્નો સરકારશ્રી તરફથી કરવામાં આવે છે. તેને લક્ષમાં લઈને અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન જેલમાં કરવામાં આવ્યું છે. જેમાં જેલમાં સર્વધર્મનું શિક્ષણ મળે એ અંગે સંતો, મહાત્માઓ , વિદ્વાનો , પ્રોફેસરોનાં અવારનવાર નૈતિક પ્રવચનો ગોઠવવામાં આવે છે. કેદીઓમાં શારીરિક, માનસિક સમતુલા જળવાય તે માટે યોગાસનો , ધ્યાન, સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવે છે.

કેદીઓના જીવનપરિવર્તનને અનુરૂપ એવા ગુજરાતના નામાંકિત લેખકો , સાહિત્યકારો, વિદ્વાનોનાં જુદા જુદા વિષયોને લગતા સુંદર પુસ્તકોની લાઇબ્રેરી સામાજિક સંસ્થાઓ-ટ્રસ્ટોની સહાયથી ઊભી કરવામાં આવી છે, જેમાં કેદીઓ વિચારપૂર્વક તેમનાં મનપસંદ પુસ્તકો વાંચે છે. કેદીઓને ઊઠતાંની સાથે સુંદર કર્ણપ્રિય ભજનો અને શુભ વિચારોનું વાતાવરણ મળે તે માટે ટેપરેકોર્ડર પણ ભેટ મેળવેલ છે.

જેલમાં કેદીઓના જીવનપરિવર્તનમાં ઉપયોગી નીવડે તેમજ જેલમાં સારા સંસ્કારોનું વાતાવરણ સર્જાય ને સર્વધર્મની દૃષ્ટિ કેળવાય તે દૃષ્ટિએ સરકારશ્રી તરફથી થઈ આવેલ સૂચનાઓ મુજબ સદગતસંતો અને રાષ્ટ્રિય ક્ષેત્રે સાહિત્ય, સંસ્કાર અને આધ્યાત્મિક કાર્યો કરનાર વ્યક્તિઓ પૂ. મહાત્મા ગાંધીજી , કવિવર રવીન્દ્રનાથ ટાગોર , ભગવાન બુદ્ધ, સ્વામી વિવેકાનંદ , રામકૃષ્ણ પરમહંસ, ભગવાન મહાવીર વગેરેની પૂર્ણ કદની પ્રતિમા સામાજિક સંસ્થાઓ – ટ્રસ્ટો

પાસેથી દાન મેળવીજેલમાં ગોઠવવામાં આવેલ છે. જેથી સુંદર નૈતિકતાનું વાતાવરણ સર્જાયું છે.

ઉપરાંત દરેક ધર્મને લગતી પ્રાર્થનાઓ, સુવાક્યો દરેક જગ્યાએ ગોઠવવામાં આવ્યાં છે , જેથી ડગલે ને પગલે તેમની નજર સામે તાજાં થાય. આ ઉપરાંત અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, પ્રૌઢશિક્ષણ, ગીતા-રામાયણ, સંગીત, હિન્દી વગેરેની પરીક્ષાઓ વગેરે પ્રવૃત્તિઓના આયોજનથી બંદીવાન મિત્રો તેમાં વ્યસ્ત રહે છે.

આ સિવાય રાષ્ટ્રિય તહેવારો ને ધાર્મિક તહેવારોની ઉજવણી પણ કરવામાં આવે છે અને એદ્વારા બધા આનંદ અનુભવે છે. એની પવિત્રતાથી પાવન બને છે. ઉત્સવનો ભાવ બધા જ સમજે છે, ને તેની ભાવના દ્વારા સંસ્કૃતિ અને ધર્મ તથા નૈતિકતા જીવનમાં ઉતારે છે. ને રાષ્ટ્રિય એકતાનાં શુભ દર્શન એ દ્વારા અનુભવાતાં હોય છે. આ સમગ્ર વાતાવરણમાં કેદી પોતાની સજાના દિવસો કાપતા હોય છે.

## ક્ષમાપનની પાવન ગંગા

ટ્રેનિંગ બાદ સ્વંતત્ર જેલ અધીક્ષક તરીકે જિલ્લા જેલમાં પ્રથમ વાર જ મારી નિમણૂક થઈ. એ વખતે જેલમાં સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં કેદીઓમાં બે કોમો વચ્ચે ઘણું મોટું અંતર હતું. એક કોમના અમુક કેદી બહાર હોય ત્યારે બીજાને અંદર રાખવા પડે તેવી નાજુક સ્થિતિ હતી. લોકભારતી કે ગુજરાત વિદ્યાપીઠના પાયાના સિદ્ધાંતોમાં સર્વધર્મ સમભાવના શિક્ષણના સંસ્કારો અમારા સૌનાજીવનમાં વણાઈ ગયેલ. એટલે કોઈ પણ સંજોગોમાં આ દૂષણ દૂર કરવું જ જોઈએ એમ લાગ્યું. જેલમાંદરેક ધર્મના તહેવારો ઊજવવાના હોય છે. આ તહેવારોમાં દરેક કેદી ભાગ લે તે માટે પ્રયત્ન થતા હોય છે. આ તહેવારો કોઈ પણ ભેદભાવ વિના સૌએ સાથે મળીને ઉજવવાનું શરૂ કર્યું. કેદીઓનાં દિલમાં ક્યારેય એવી લાગણી જન્મી નથી કે અમુક તહેવારોને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે ને અમુકને ઓછું. કોઈ પણ જાતના પક્ષપાત વિના દરેક કોમના કેદી ભાઈઓ ઉત્સાહથી તેમાં ભાગ લેતા થયા. ગાંધી જયંતી નિમિત્તે સર્વધર્મપ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં જુદા જુદા ધર્મો પર જુદાજુદા ધર્મના તટસ્થ વક્તાઓ આવા પ્રસંગે એકઠા મળીને સર્વધર્મની વાતો કરતાં , જેમાંથી દરેક ધર્મના કેદીઓને સર્વધર્મ અંગેનું શિક્ષણ મળતું હતું – જેને પરિણામે એ દૂષણ જડમૂળમાંથી દૂર કરી શકાયું અને આનંદથી સૌ સાથે રહેવા લાગ્યા.

જામનગરમાં પણ કોમી હુલ્લડ વખતે બે કોમો વચ્ચે થયેલ અથડામણોમાં અનેક લોકો પકડાઈને આવ્યા. જેલમાં આ પ્રકારની બંને પાર્ટીઓ હોય છે ત્યારે જેલ અધિકારીઓને માટે ચિંતાનો વિષય બનતો હોય છે. તત્કાળ એક ઉપાય તરીકે અલગ અલગ જેલના સર્કલમાં રાખતા હોઈએ છીએ, પરંતુ તેથી પ્રશ્ન ઉકેલાતો નથી – અને મારા જેવા માટે ચેલેન્જનો વિષય પણ ખરો. ગાંધીજયંતીના દિવસે બંને કોમના કેદીઓએ પૂ . ગાંધીજીના ફોટા નીચે એકબીજાને ભેટી ક્ષમાપન કર્યું, વેરઝેર ભૂલીને સાથે રહેવા લાગ્યા જેની નોંધ વર્તમાનપત્રોએ લીધી હતી.

**જનસત્તા:** “મૈત્રીભાવ જગાડી વેરઝેર મિટાવવા જામનગરના જેલ અધીક્ષકનો સ્તુત્ય પ્રયાસ.”

જામનગર તા . ૫. જામનગર જિલ્લા જેલમાં ગાંધીજયંતી નિમિત્તે એક હૃદયદ્રાવક કાર્યક્રમ ત્યાંના ગાંધીવાદી ફિલસૂફીને વરેલા જેલ અધીક્ષક શ્રી રઘુવીર વોરાએ આયોજ્યો હતો.

ગાંધીજયંતી નિમિત્તે જેલમાં બે કોમો વચ્ચે જૂની ખૂંખાર અદાવતનો અંત લાવવા અને જેલમાં તે કોમના કેદીઓ વચ્ચે એખલાસભર્યું વાતાવરણ થાય તે માટે સર્વોદય કાર્યકર શ્રી દુલેરાય માટલિયા , સુધરાઈ પ્રમુખ શ્રી ભરત સુખપરિયા , પ્રોફેસર પઠાણ, બ્રહ્માકુમારી કુમુદબહેનની હાજરીમાં સર્વધર્મ પ્રાર્થના થઈ. પ્રેરક પ્રવચનો થયાં. ગુન્હાઓ બદલ કેદમાં રહેલાઓ વચ્ચે ક્ષમાપના થઈ.

આમ સુપ્રિ. શ્રી વોરાએ બધાના સહકાર સાથે વેરઝેરની વાર્તાનો ભૂતકાળ દફનાવવા માટે ખૂબ જ પ્રેરણાદાયી પ્રયાસ કર્યો છે ને ગાંધીજયંતીને આવા આગવા કાર્યક્રમથી દીપાવી દીધી."

જેલમાં ખાસ કરીને કેદી–પંચાયતની ચૂંટણી વિનોબાજીના સિદ્ધાંત અનુસાર સર્વસંમતિથી થાય તે પ્રકારનું વાતાવરણ ઊભું કરવામાં આવે છે , જેને કારણે જેલમાં થતાં તડાં ઓછા થાય છે.

સૌરાષ્ટ્રના ખ્યાતનામ શહેરની જુદી જુદી ટોળકીના માણસો દુશ્મનાવટને કારણે એકબીજાને શોધતા ફરતા હતા. તે એક જ જેલમાં, એક જ સાથે વેરભાવ ભૂલીને સાથે જ રહેતા જોયા છે. જેલમાં ક્યારેક સત્યનારાયણની કથા કરવામાં આવે છે. આવા પ્રસંગોએ કેદીઓ વેરઝેરને દફનાવીને પ્રાયશ્ચિત કરતાં હૃદયદ્રાવક દૃશ્યો અનેકવાર જોયાં છે.

નાતાલ કે ઈદના સમય દરમ્યાન ક્ષમાપનની ભાવનાનાં અનેકવાર સુંદર દૃશ્યો જોવા મળ્યાં છે અને તેની ખૂબ જ સારી છાપ તેમના જીવનમાં પડી છે તે નિર્વિવાદ છે. કેદી જીણા દેવા અપીલમાં છૂટીને ઘરે ગયો. જેને માટે તેને જેલમાં આવવું પડેલ તે વાતાવરણ શાંત નહોતું; છતાં જેલમાંથી જે કંઈ સંસ્કારોની છાપ લઈને ગયેલ તેના કારણે બીજીવાર જેલમાં આવતાં બચી ગયો. તેનો પત્ર નીચે મુજબ હતો :-

"પૂ. મોટાસાહેબ,

સાદર પ્રણામ.

જયભારત સાથ જણાવવાનું કે જેલમાં તમે અમને જે શિખામણ આપેલી તેને કારણે ફરીવાર જેલમાં આવતાં બચી ગયો છું. આપણે નાતાલની ઉજવણી વખતે ભગવાન ઇશુનાં જે વાક્યો

તમે અમને કહેલાં – "તારા ગાલ પર કોઈ તમાચો મારે, તો બીજો ગાલ ધરજે," એ ન્યાયે મેં ગમ ખાઈ સહન કરી લીધું છે. અને મારા સાંભળવા મુજબ એને પણ પસ્તાવો થયો છે. હું કરમશીભાઈને ધજાળા મળ્યો છું. સમાધાનની વાતો ચાલે છે. તમે અવારનવાર માર્ગદર્શન આપતા રહેશો."

આવા તો અસંખ્ય પત્રો અવારનવાર કેદીઓના અંગત જીવનના – છૂટ્યા બાદ આવતા હોય છે. ખાસ કરીને રક્ષાબંધન કે ઈદ , મહાત્મા ગાંધીજીની જન્મજયંતી , રાષ્ટ્રિય તહેવારોએ કેદીઓ ઉમંગથી ભાગ લે છે અને વેર ઝેર ભૂલીને સહકારભર્યું વાતાવરણ સર્જે છે.

જેલમાં એક ધ્યાન ખેંચે તેવી વિશિષ્ટતા એ પણ જોવા મળે છે કે જેલમાં ક્યાંય અસ્પૃશ્યતાનું નામનિશાન જોવા મળતું નથી. સર્વ કોમના એક જ સાથે કોઈ પણ જાતના ભેદભાવ વગર સૌ સાથે મળીને રહે છે. જેલમાં આશ્ચર્યજનક બાબત એ છે કે સ્ત્રીઓ પરના અત્યાચાર કરનાર , બળાત્કાર કરનારને કેદીઓ ધૃણાથી તિરસ્કારે છે. તેમજ નાના બાળકના ખૂનીને કે તેનું અપહરણ કરનાર કેદીઓ ક્ષમાને પાત્ર નથી, તેવું માને છે. સૌ તેને ધિક્કારે છે.

જેલમાં સવારે ઊઠતાંથી માંડીને સૂવા જઈએ , ત્યાં સુધીની દરેક પ્રવૃત્તિ ઉપર નજર નાખતાં શિક્ષણ સિવાય કંઈજ દેખાશે નહીં . તેથી શિક્ષણ ઉપર ભાર મૂકી વિચારપૂર્વક રોજબરોજનાજીવનથી કેદીઓના જીવનમાં વ્યક્તિ અને સમાજથી એકબીજાને નજીક લાવવામાં સમૂહજીવન, સ્વાશ્રય, સ્વાવલંબન, અનુકૂલન, જીવનઘડતર, બૌદ્ધિક વિકાસ, સામાજિકતા વગેરે ગુણોનું ઘડતર વિચારપૂર્વક આપવામાં આવે છે. આ રીતે જોતાં અધ્યાપક તરીકે મારા માટે જેલસમાજજીવનનો એક શૈક્ષણિક પ્રયોગ છે. અને છેલ્લાં કેટલાંક વર્ષોના અનુભવથી પ્રતીતિ થઈ છે કે કેદી પોતાનું જીવન અલગ ન ગણતાં સમૂહના સભ્ય તરીકે ગણે છે . કેદી, સમૂહનું હિત અને મહત્ત્વ સમજતાં શીખ્યા છે. અહીં તેમનું જીવનઘડતર થવાથી ગમા-અણગમાનું વલણ બદલાયું છે ને હું માનવસમૂહનો સભ્ય છું , એવી માનવતાવાદી ભાવનાઓ સાથે કેદી જેલ છોડે છે ત્યારે આત્મગૌરવ અનુભવું છું.

- સારા ગૃહપતિની ગરજ સારે છે.

કોઈ કેદી તેની સજ્જનતામાં ઊણો ઊતરે તો તે માટે મારે શરમાવા જેવું નથી. હું મારો પ્રયત્ન નિષ્ઠાપૂર્વક કરું છું. જેલમાં સામાન્ય રીતે આધ્યાત્મિક અને નૈતિક બાબતો ઉપર વિશેષ ભાર મૂક્યો છે.

કેદીઓ સાથે કામ કરતાં શિક્ષણને નજર સામે રાખીને તેમના આંતરિક જીવનમાં ડોકિયું કરવાથી તેમની સાચી સ્થિતિનું ભાન થાય છે. કેદીઓને ધિક્કારી કાઢી તેઓને દોષ આપવા કરતાં તેઓની કોશિશથી જ તેઓની યોગ્ય કદર કરવાથી તેઓને સુધારવાનો અંતિમ હેતુ આગળ વધારવામાં તેઓનો સહકાર વધારે પ્રમાણમાં મેળવી શકાય તેમ છે.

તેઓમાં છુપાયેલી શક્તિનું તેઓને ભાન કરાવીએ તો તેઓનું આખું જીવન બદલી નાખવાનો ચમત્કાર કરી શકાય છે. સવાલ છે તેઓને સાચી સ્થિતિનું ભાન કરાવવાનો , તેમની લાગણી, તેમના સવાલો, તેમની મુશ્કેલીઓ – સહાનુભૂતિપૂર્વક સાંભળવાનો, સમજવાનો. આવો પ્રયત્ન કરવાથી તેઓ સત્ય હકીકત કહેતાં અચકાતા નથી.

જેલમાં સામાન્ય રીતે સરકારશ્રી તરફથી મળતી જે જે સવલતો છે તેનું કડકાઈપૂર્વક પૂર્ણ નિષ્ઠાથી પાલન કરવાથી જ સામાન્ય રીતે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થતા નથી.

અનુભવે જોવા મળ્યું છે કે શિસ્ત અને નિયમપાલનનો આગ્રહ કેદીઓને ગમતો હોય છે. કદી કોઈ કેદીએ ક્યારેય નિયમ વિરુદ્ધ જઈને કાંઈ સવલતોની માગણી ક્યારેય કરી નથી. જેલમાં મોટા ભાગના સવાલો ભોજનમાંથી ઉદભવતા જોવા મળે છે. ભોજન સ્વચ્છ ને સારી રીતે રંધાયેલ આપવામાં આવે તો બાકીના પ્રશ્નો ગૌણ બની જાય છે. નિયમિત મુલાકાત , પત્રો, તેમને મળતી અન્ય નિયમ મુજબની સગવડો આપવાથી કોઈ પ્રશ્નો રહેતા નથી.

કેટલીકવખતતેમનાપરઆવતાપત્રોતેમાંયખાસકરીનેતેમનાકુટુંબનીવ્યક્તિઓનાંમરણઅંગે નાપત્રોવ્યક્તિગતબોલાવીનેતેમનીપાસેથીહકીકતજાણીતેમનીપાસેસહાનુભૂતિપૂર્વકરજૂકરવાથીતેમ નાજીવનમાંખૂબજઆશ્વાસનમળેછે. અનેએવે

વખતેલાગણીસભરદૃશ્યખડુંથાયછે. ને પછી તો કેદી એક વડીલ તરીકે માનીને હંમેશાં માર્ગદર્શન મેળવતા હોય છે.

ક્યારેક રાત્રી રાઉન્ડમાં , એમાંય જ્યારે શિયાળાની કડકડતી ઠંડીમાં નીકળું છું ત્યારે બૅરૅક્સમાં તપાસ કરતાં કેટલાકનાં શરીર પરથી ચાદર બાજુમાં પડી ગયેલ હોય તો અંદરના વૉચમેનને સૂચના આપું કે તેમને બરાબર ઓઢાડો. સવારે ખબર પડે કે સાહેબ રાઉન્ડમાં નીકળેલ ને મને ઓઢાડવાનું કહેલ ત્યારે મરક મરક હસતા હોય છે અને અંદરો અંદર વાતો કરતા હોય છે: “જીવનમાં પ્રથમવાર જ મને આટલા જતનથી વહાલ કર્યું છે.”

ક્યારેક ધોધમાર વરસાદની હેલીમાં બૅરેકમાં બેઠેલા તેમની વચ્ચે જઈને ઊભો રહું છું . પૂછું કે વાવણીલાયક વરસાદ થયો કે નહીં – ત્યારે તેમના જીવનની લીલીસૂકી કહેતાં અચકાતા નથી. સાહેબ, મારા ખેતરનું શું થતું હશે ? વાવણી થઈ હશે કે કેમ ? વગેરે વગેરે , પોતાનાં આપ્તજનોને મળીને જે રીતે ખુશી વ્યક્ત કરે તે રીતે આનંદથી વાતો કરે છે . સામાન્ય રીતે વારતહેવારે, રાષ્ટ્રિય પર્વ નિમિત્તે તેમ જ જુદા જુદા ધાર્મિક તહેવારોના દિવસે પક્ષપાત રહિત એટલા જ ઉત્સાહથી તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. ને પોતાના ઘરનો ક્ષોભ દૂર કરવા માટે પ્રયત્ન કરવામાં આવે છે.

પ્રસંગોપાત્ત તેમની સાથે વૉલીબોલ કે અન્ય રમતો રમું છું ત્યારે તેઓ ખૂબ જ ઉત્સાહથી આવીને રમતા હોય છે. ક્યારેક અન્ય બહારથી હેડકવા ર્ટર્સમાંથી પાર્ટીઓ રમવા આવે છે ત્યારે રમતગમતની ખેલદિલી દીપાવે છે. ક્યારેક રાસ , ગરબા, નાટક, દાંડિયારાસ કે સારાં રાષ્ટ્રિય ગીતો ગાવામાં સાથે હોઉં છું , ત્યારે કેદીઓ આત્મીયતાની લાગણી અનુભવતા હોય છે. તેમની સાથે સામૂહિક પ્રાર્થનામાં, યોગાસનો વખતે તેમની સાથે ભળવાથી વાતાવરણ તાજગીભર્યું લાગે છે.

ક્યારેક લાંબા સમય સુધી કોઈના ઘરના સમાચાર ન આવ્યા હોય તો તેવા કેસોમાં પ્રોબેશન ઑફિસર દ્વારા તપાસ કરાવવામાં આવે છે. ક્યારેક તેમના કુટુંબને હેરાનગતિ અંગેના સમાચાર રજૂ કરે છે ત્યારે તેવા કેસોમાં સહાનુભૂતિપૂર્વક તપાસ કરાવવામાં આવે છે. અવારનવાર વ્યક્તિગત બોલાવીને તેમના ખબરઅંતર પૂછું છું. વાંચન અંગે પૂછું છું ત્યારે હોંશે હોંશે કહેતા હોય છે : સાહેબ , આ ચોપડી વાંચી – તે વાંચી – આ ખૂબ સરસ છે – બીજી સારી

ચોપડી બતાવો ને – વગેરે વગેરે કહેતાં અચકાતા નથી. આ બધાં મૂલ્યો સાથે એક વાત હંમેશાં સતત મેં નજર સામે રાખી છે તે એ છે કે કોઈ  કેદીને ક્યારેય તુંકારાથી બોલાવેલ નથી. તેમજ દરેક કેદીમાં હંમેશાં સમદૃષ્ટિ રાખી છે, જેને કારણે હંમેશાં તેઓ માનની દૃષ્ટિએ જૂએ છે. તેમની સાથેના માનવીય વહેવારથી સ્પષ્ટ જણાય છે કે તેમનામાં આંતરિક શિસ્ત આવે છે. સંસ્થા પ્રત્યે તેઓ માનથી જૂએ છે, સામૂહિક જીવનની તાલીમ મેળવે છે   , જીવન વિશે વિચારતા થાય છે. જેલમાં કોઈ પ્રશ્નો ઉપસ્થિત થતા નથી ને પોતાની ભૂલ માટે પ્રાયશ્ચિત્ત કરતા હોય છે.

અનુભવે જોવા મળ્યું છે કે જ્યારે સામાજિક જીવન ઓછું રહે છે ત્યારે અંતર વધે છે અને અન્યોન્ય વહેમ, પૂર્વગ્રહ અને ભેદભાવ પેદા થાય છે. પરિણામે કલુષિત વાતાવરણ સર્જાય છે. તેથી કોઈ પણ કડવાશ કે અભિમાન કે

વૈમનસ્યવગરખરીઉદારતાથીનેદરિયાદિલીથીતેમનીસાથેહૃદયનાધબકારાનીજેમએકરૂપથ વાથીતેમનાવેડફાતાજીવનધનનેસમુચિતમાર્ગેપુનઃસ્થાપિતકરવામાટેનાપ્રયત્નોસફળબનેછેકેદી જ્યારેજેલસજાભરીનેવિદાયલેછેત્યારેશ્રદ્ધાનેપ્રીતિનાંચિહ્નોતરીકેબેહાથજોડીનેબોલેછે :

સાહેબહવેકોઈદી’આરસ્તેનહીંચઢું.  અનેએવખતેલાગણીસભરદૃશ્ય ખડાં થાય છે. જે કેદી લોહી વહેવડાવે છે તે કેદી લોહી આપી બીજાનો જીવનદીપ પણ બચાવી શકે છે.

# પ્રાયશ્ચિતની અગ્નિજ્વાળામાં શુદ્ધ થતા માનવી

ઉનાળાનો ધોમધોખતો તાપ હતો. જેલનો સિપાઈ હાંફળોફાંફળો દોડતો દોડતો ઑફિસમાં આવ્યો. પરસેવે રેબઝેબ અને આંખ લાલચોળ હતી. વાળ વીખરાયેલા હતા અને ધમણની માફક શ્વાસોચ્છવાસની પ્રક્રિયા ચાલુ હતી. કંઈક ઉતાવળથી કહેવા લાગ્યો , "સાહેબ , સાહેબ , બચાવો...બચાવો." મેં તુરત તેના તરફ ધ્યાન કેન્દ્રિત કરી સાંત્વના આપી. હકીકત જાણી. મજદૂર સિપાઈની પત્ની છેલ્લા કેટલાક સમયથી ગળામાં થયેલી ગાંઠને કારણે લાંબા સમયથી પીડાતી હતી. સિવિલ હૉસ્પિટલમાં તપાસ કરતાં "થાઈરૉઈડ"નું ઑપરેશન કરવાનું છે તેમ જણાવ્યું. દર્દ ઘણું વધી ગયું હતું. શરીર પણ ખૂબ જ નબળું હતું . નિષ્ણાત ડૉક્ટરોની સૂચના મુજબ ઑપરેશન અનિવાર્ય હતું પરંતુ અશક્તિ વિશેષ હતી. અને લોહીની ખાસ આવશ્યકતા હતી. કુટુંબમાં એ એકલો જ હતો. નાનાં બાળકો હતાં. તે પણ ઓરી–અછબડામાં સપડાયેલાં હતાં. એ ચારે દિશાએથી ઘેરાયેલો. હતાશા સિવાય તેની પાસે કંઈ નહોતું. પોતાની પત્નીના જીવનદીપને જલતો રાખવા કરગરી રહ્યો હતો.

સાહેબ, લોહી જોઈએ છે ! ! રક્તદાન એ જીવનદાન છે અને બધાં જ દાનમાં શ્રેષ્ઠ છે. તે સિદ્ધાંત લોકભારતીમાં ભણતો ત્યારથી જ અમારા સૌના જીવનમાં વણાયેલ હતો. ને બીજાના બુઝાતા જીવનદીપને ચાલુ રાખવાનો આ કીમિયો દરેક માણસ પાસે છે. અને એ કીમિયાની ચાવી રક્તદાન અંગેના સાચા જ્ઞાનથી મળી જાય તો અન્યના બુઝાતા જીવનદીપને દરેક માનવી જલતો રાખી શકે છે. વ્યક્તિગત મારા જીવનમાં રક્તદાન કરીને પચાવેલ છે. અનેક રક્તદાન શિબિરોનું પણ આયોજન કર્યું છે. મારી જન્મજયંતી રક્તદાન કરીને ઊજવું છું. મેં પણ રક્તદાન કરવાની વાત તેને કરી, મારું લોહીનું ગ્રૂપ પણ તેને જણાવ્યું હતું.

જેલમાં પણ રક્તદાન અંગેની સાચી સમજ સામાન્ય રીતે કેદીઓમાં જોવા મળે છે. ખાસ કરીને રક્તદાન કરવાથી નિયમ મુજબ અમુક દિવસની માફી મળે છે. તેથી ઘણા બધા કેદીઓ માફીના લોભમાં પણ રક્તદાન કરવા ઉત્સુક હોય છે. રક્તદાન કરવાથી કોઈ પણ જાતની મુશ્કેલી ઊભી થતી નથી તેવી પાકી સમજ સામાન્ય રીતે કેદીઓમાં વ્યાપેલી જોવા મળે છે.

મારા છેલ્લાં પાંચેક વર્ષના જેલમાં અનુભવથી જોઉં છું કે હૉસ્પિટલમાંથી જ્યારે જ્યારે કોઈ નિરાધાર દર્દીઓ માટે મેડિકલ ઑફિસર તરફથી રક્તદાન માટે મદદરૂપ થવા વિનંતી કરવામાં આવી હોય છે ત્યારે વિનાસંકોચે કેદીઓ રક્તદાન કરતા હોય છે. એક વસ્તુ સામાન્ય રીતે જોવા મળી છે કે સામાન્ય રીતે મોટા ભાગના કેદીઓ માફી મળે છે માટે રક્તદાન કરે છે તેવું નથી; પરંતુ પોતાની ભૂલના પ્રાયશ્ચિત્ત માટે તેઓ રક્તદાન કરે છે. જેણે બીજાનાં લોહી વહેવડાવ્યાં છે તેઓ બીજાની જિંદગી માટે કંઈક ઉપયોગી થાય તેવી ઉદાત્ત ભાવનાને લક્ષમાં રાખીને રક્તદાન કરે છે.

જેલનો સિપાઈ હૉસ્પિટલમાંથી ચિઠ્ઠી લઈને આવ્યો હતો. બેપાંચ કેદીને બોલાવવાની વાત કરી. જેલના મેડિકલ ઑફિસર તરફથી તપાસ થઈ અને હૉસ્પિટલમાં જઈ રક્તદાન કર્યું.

બે–ચાર દિવસ પછી હું હોસ્પિટલમાં સિપાઈ પાસે ગયો. તેનાં પત્નીને ખૂબ આરામ હતો. હાથ જોડીને સિપાઈ ઊભો થઈ કહેવા લાગ્યો , "સાહેબ, મારાં છોકરાં રઝળી પડત ! હું ક્યાંથી લોહી લાવત ? પૈસા દેતાંય ક્યાંય લોહી મળતું નથી. હું કેદીઓનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે સાહેબ..." હું શાંતિથી તેની વાત સાંભળતો હતો. આગળ જતાં બોલ્યો , "સાહેબ , અણહક્કનો પૈસો કોઈ દી' ટકતો નથી. ગાંઠના પૈસા લઈને જ જાય છે." હું એને કંઈ જ કહેવા માગતો નહોતો. પરંતુ એને પોતાને જ મનમાં થયું કે અણહકના પૈસાનો અંજામ ખરાબ જ હોય છે. એ પૈસો કદી ટકવાનો નથી.

આમ કેદીને બીજાને દુઃખ આપવા બદલ અને સિપાઈને ખોટી રીતે મેળવેલ પૈસાના વ્યયનું દુઃખ હતું. તે બોલતો હતો, "સાહેબ, અણહકનું ટકતું નથી; પૂરા ભગવાન ભાળી ગયો છું. આમાંથી બચ્યા એટલે પ્રભુનો પાડ;ઈશ્વર હક્કનું ખાવા દે તો બસ છે."

મનોમન તેની વ્યથા સાંભળતો હૉસ્પિટલનાં પગથિયાં ઊતરતો હતો. દરેક માણસ અંતરખોજ કરે તો ? ભગવાન આવા દિવસો આપે કે ? અંતરમાંથી એકદમ અવાજ આવ્યો. સાચી રીતે ચાલીએ તો ભગવાન કદી આવા દિવસો આપે જ નહીં. બંનેના પ્રાયશ્ચિતનો જવાબ જોઈ કલાપીની પેલી પંક્તિ યાદ આવી ગઈ :

> "હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
>
> પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."

# રક્ષાબંધન પર્વ નિમિત્તે કેદીઓના હ્રદયપરિવર્તનનો સફળ પ્રયોગ

જામનગર જિલ્લા જેલમાં સદવિચાર પરિવાર દ્વારા દર વર્ષે રક્ષાબંધનના સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. છેલ્લાં બે વર્ષથી આ પ્રવૃત્તિને ઘણી ચાલના મળી છે. અને એ ચેતના પ્રગટાવવામાં જામનગર શહેરની બે પ્રતિષ્ઠિત , સેવાપરાયણ, કર્તવ્યનિષ્ઠ અને નિડર મહિલાકાર્યકરોએ અદ્ભુ ત પ્રતીતિ કરાવી. એક ખૂનીને પોતાનો ધર્મનો ભાઈ બનાવી સમાજમાં ઉચ્ચ આદર્શ પૂરો પાડ્યો છે , જે સમાજ આગળ રજૂ કરતાં હર્ષની લાગણી અનુભવું છું.

૧૯૭૯ની આ ઘટના છે. જામનગરના ભૂતપૂર્વ સંસદ સભ્ય શ્રી વિનોદભાઈ શેઠનાં ધર્મપત્ની મેનાબહેને સદવિચાર પરિવારના ઉપક્રમે રક્ષાબંધનના પર્વ નિમિત્તે જામનગર જેલના એક હરિજન કેદી બાવજીભાઈને પોતાનો ધર્મનો ભાઈ બનાવ્યો હતો.

શ્રી મેનાબ હેન ઘણા લાંબા સમયથી સામાજિક પ્રવૃત્તિ કરતાં એક મહિલા કાર્યકર છે અને અનેકવિધ સામાજિક પ્રવૃત્તિમાં જોડાયેલાં છે તેઓએ ખૂની હ્રદયને પણ સ્ત્રીસહજ પ્રેમ અને સમર્પણની ભાવનાથી કેદીના વ્યક્તિગત જીવનમાં રસ લઈ અદભુત પરિવર્તનની પ્રક્રિયાનાં ઊંડા બીજ રોપી માનવ બનાવવાના પ્રયત્નો કર્યા છે. શ્રી મેનાબહેન અવારનવાર કેદી ઉપર પત્ર લખે છે. કેદી પણ અવારનવાર પોતાની ધર્મની માનેલી બહેનને (શ્રી વિ નોદભાઈ શેઠના શબ્દોમાં કહું તો "એક ગ્રેજ્યુએટ નહીં લખી શકે તેવા") સુંદર સાહિત્યિક પત્ર અવારનવાર લખે છે,જેમાંનો કેટલોક અંશ અહીં રજૂ કરું છું.

પરમપૂજ્ય મોટાંબહેન શ્રી મેનાબહેન,

આપે તા. ૮-૮-૭૯ના શ્રાવણ માસની પૂનમના દિવસે મારા હાથે રક્ષાબંધન કરીને મને તમારો સગો ભાઈ માનીને પવિત્ર હ્રદયથી આશીર્વાદ આપ્યા તેથી મારું મન આનંદિત બન્યું છે. પૂ. બહેન , જેલજીવનમાં અમારા જીવનમાં આશાનો દીપક પ્રગટાવી નવો પ્રકાશ અને જીવનનો નવો રાહ આપ્યો છે. એ રાખડીના તાંતણે બંધાઈ નવજીવનનો રાહ લઈ કરેલ પાપનું પ્રાયશ્ચિત કરી જીવન સમર્પણ કરીશ.

- લિ.આપના નાનાભાઈ બાવજીનાં પ્રણામ...

હૃદયની લાગણીઓ દ્વારા રાખડી બને છે એક સુંદર સદભાવનાની જ્યોત.

બંદીવાન મિત્ર જ્યારે જેલમાંથી ફરલો ઉપર કે પૅરોલ ઉપર છૂટે તેમને ઘેર જાય. તેના કુટુંબના સભ્યો કોઈ મુલાકાતે આવે તો પણ મેનાબહેનને મળીને જ જાય અને મેનાબહેન પણ તેમને હૃદયથી આવકાર આપે. બંદીવાન મિત્ર તેમના પોતાના ઘરના કે સામાજિક કે અન્ય જે જે કંઈ પ્રશ્નો હોય તે મેનાબહેન પાસે રજૂ કરે. મેનાબહેન પણ એટલા જ ઉમળકાથી તેમના પત્રોના જવાબ આપે. તેમાંના કેટલાક અંશ રજૂ કર્યા છે.

ચિ. ભાઈ બાવજીભાઈ ,

તમારો પત્ર મળ્યો છે. વાંચી આનંદ થયો. આવો જ ભાવ દરેક પ્રત્યે રાખશો તો મને વધારે આનંદ થશે. મને પણ વરસો પછી ભાઈનો સ્નેહ મળ્યો છે તેથી ખૂબ આનંદ થયો છે. દુનિયામાં સ્નેહની ગાંઠ તો અમુક વ્યક્તિ સાથે જ બંધાય છે. આપણે આટલાં વર્ષે ભાઈ-બહેનતરીકે મળ્યાં તેમાં પણ ઈશ્વરનો કોઈ સંકેત હશે. તમે તમારું જીવન ઉમદા બનાવી સારા નાગરિક તરીકે બહાર આવો. ઈશ્વર તમને વહેલા જેલમુક્ત કરાવે તેવી પ્રાર્થના. કુટુંબમાં ઘરે પત્ર લખો તો પૂ. બા–બાપૂજી. મોટાભાઈ, ભાભી સૌને યાદ.

લિ. તમારી બહેન મેનાના આશિષ...

રક્ષાબંધન વિષે શ્રી મેનાબહેનના શબ્દો કહું તો રક્ષાબંધન સાથે 'બંધન' શબ્દનું જે આલેખન છે તેમાં ગુલામીની શ્રૃંખલા નથી પરંતુ નિર્ભેળ વાત્સલ્યનું અમીરસ બિન્દુ છે. આ ભ્રાતૃભાવના ભાવવિભોરમાં ધર્મના ભાઈનો સ્વીકાર તે ઉત્કૃષ્ટ આનંદ આપે છે. અને 'માજણ્યા' ભાઈ સિવાયના બંધુ માટે નવા વિચારોનાં દ્વાર ખૂલે છે , એમાંય મારા જેવી બહેન કે જેણે ભ્રાતૃભાવની લાગણી જોઈ નથી તેવા માટે આ પ્રસંગ મારા જીવનમાં એક ઊર્મિશીલ યાદગાર પ્રસંગ બની રહેલો છે. રાખડી કેદીના જીવનમાં નવું પરિવર્તન લાવવા બહેન, ભાઈને વચનબદ્ધ કરે છે. અને આ પ્રયોગ એક હૃદયંગમ દૃશ્યરૂપ બની રહે છે.

બાવજીભાઈ જ્યારે જ્યારે ફરલો ઉપર છૂટે ત્યારે પ્રથમ મેનાબહેન તેને પોતાને ઘેર જમાડીને પછી જ તેના ગામ જવા દે. ભાઈબીજના દિવસે પણ મેનાબહેન જેલ ઉપર મળવા આવે. ખબર–અંતર પૂછે અને તેના જીવનપરિવર્તનની ભૂમિકામાં હંમેશાં મદદરૂપ થયા કરે.

ભારતીય સંસ્કૃતિનું દિવ્ય પર્વ રક્ષાબંધન આ સામાર્થ્ય ધરાવે છે.

કેદી સાથેના પ્રશ્નોના જવાબ જોઈએ –

પ્રશ્ન: મેનાબહેને તમને ધર્મના ભાઈ તરીકે દત્તક લેતાં તમારા જીવનમાં કેવી લાગણી થઈ છે ?

જવાબ : શ્રી મેનાબ હેને મને ભાઈ તરીકે સ્વીકારી મારા ઉદાસી જીવનમાં એક આશાનો દીપક પ્રગટાવ્યો છે. અને એ દીપકનાં સોનેરી કિરણો મારા અંધકારમય જીવનમાં પ્રકાશ પાથરી રહ્યાં છે.

"હું ફરલો પર છૂટેલો અને પૂ. મેનાબહેનના ઘેર ગયેલો. મારા સાથે મારાં પત્ની તેમ જ મારો નાનો ભાઈ પણ હતો. અમને ખૂબ જ પ્રેમભાવથી બપોરનું ભોજન કરાવ્યું. અને ચાલતી વખતે મેનાબહેનના પતિ શ્રી વિનોદભાઈ (મારા જીજાજી) મને કહે કે લો, આ બસો રૂપિયા વાપરજો. પરંતુ જેલમાં સારાં પુસ્તકોનું વાંચન અને મેનાબહેનનાં પ્રેરણાદાયક પત્રોના મનોમંથનથી આ પૈસા લેવાની ઇચ્છા થઈ નહીં." કેદીની આ ચારિત્ર્યની કેળવણી કર્તવ્યનિષ્ઠ શ્રી મેનાબહેન દ્વારા મળી તે સહજ છે...

કેદીની દરેક બાબત વિશે હંમેશાં મેનાબહેન ખબર અંતર પૂછે અને કુટુંબના સભ્યોના સમાચારો પણ લખે. "તમે બધા મારા ત્યાં આવ્યા તેથી અમને બધાને ખૂબ જ ખુશી થઈ છે. અને મને તો મારા ભાઈ–ભાભી સાથે બેસીને વાતો કરતાં અને જમતાં ખૂબ જ આનંદ થયો."

"જ્યોતિબહેન અને બાબો મજામાં છે. બિપિન–વર્ષાએ પ્રણામ લખાવ્યાં છે. તમારા જીજાજીની તબિયત પણ સારી છે. પૂ. બા આબુથી આવ્યાં હતાં."

મોરબી બાજુના નશીતપર ગામના અને ખૂનની સજા પામેલા એક અપરિચિત આ કેદીના અંગત જીવનમાં રસ લઈ તેને સાચો રાહ દેખાડનાર આ સેવાપરાયણ સન્નારીને ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

તાજેતરમાં જ કેદી જેલમાંથી છૂટ્યો ત્યારે બંને જણાંએ સુખડની માળા પહેરાવી. બાવજીને દ્વારકાધીશનાં દર્શનની પ્રતિજ્ઞા હતી. તે દ્વારકા જવા રવાના થયો. આમ કેદીમાંથી કવિ બન્યો. શ્રી વિનોદભાઈ અને શ્રીમતિ મેનાબહેન તેના પુનઃવસવાટ માટે તેના ગામ જઈ આવ્યાં

અને સીવવાનો સંચો ભેટ આપ્યો. જે જેલજીવન દરમિયાન સીવણકળાની હસ્તગત કરેલી તે તાલીમ તેને ઉપયોગી નીવડી.

મારા છેલ્લાં પાંચેક વર્ષના અનુભવ ઉપરથી જોઉં છું કે ખરેખર આ રક્ષાબંધનનું પર્વ કેદીઓને સુધારવાના રચનાત્મક કાર્ય માટેનો સુંદર અવસર છે. મેં જાતે મારા સાથીઓ અને સંપૂર્ણ કેદીસમૂહોએ આ પ્રસંગને છેલ્લા કેટલાક સમયથી ચંબલ ના ડાકુઓની વચ્ચે અને જેલમાં પણ હાર્દિક સત્કાર મેળવ્યો છે. આ પ્રસંગ હૃદયસ્પર્શી, મૌલિક અને નિર્દોષ હોવાને કારણે વધારે ગ્રાહ્ય અને પ્રભાવશાળી બને છે. બહેનોનો સંદેશ , તિલક અને રાખડીને લીધે એવું વાતાવરણ પેદા થાય છે કે કેદીઓના હૃદયની ભાવના અશ્રુધારાના રૂપમાં વહેવા લાગે છે. અને તેમાં સમગ્ર પાપ ધોવાઈ જતાં હૃદયમાં જે નિર્મળતા , પવિત્રતા; નિખાલસતા આપે છે તે અનુભવ થયા વગર રહેતો નથી.

ઘર, શાળા અને સમાજના સહિયારા પુરુષાર્થની જેમ શિક્ષણ દીપી ઊઠે છે , તેમ ઘર , જેલ અને સમાજમાંથી સહિયારા પ્રયત્નથી ગુન્હાહિત પ્રવૃત્તિ દૂર કરી તંદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકશું. એટલે જ પૂ. ગાંધીબાપુ જેલને માનસિક સુધારણાનું કેન્દ્ર બનાવવાનું કહેતા હતા. કવિએ સાચે જ ગાયું છે કે,

“બદલાયે જો દૃષ્ટિકોણ તો,

હરમાનવ બદલાઈ શકે છે.

દૃષ્ટિ કોણના પરિવર્તનથી

અખિલ વિશ્વ બદલાઈ શકે છે.”

બારીએ ખૂલતાં દ્વાર

જેલની આખી બાંધણીમાં સૌથી અગત્યનું હૃદયદ્રાવક અને કેદીઓનાં દિલ ખોલવાનું એકમાત્ર સ્થળ જેલ મુલાકાતની બારી છે , જ્યાં ઘણીવાર ઓચિંતો બેસું છું ત્યારે સગા – સહોદરને જોતાં જ ગમે તેવા કઠોર હૃદયના ખૂંખાર ગુન્હેગારની આંખોમાં પણ ઝળઝળિયાં છૂપાં રહી શકતાં નથી. અહીં જ મુલાકાતીઓનાં હૈયાફાટ કકળાટ , નિશ્વાસ, રૂંધાયેલા કંઠ સાથે હીબકાં ભરતી મૂંગી વેદનાઓ, બાળકોનાં રુદનો અને અંતરની યાતનાઓ ઠાલવતાં હોય છે. ઘણીવાર

બાળકો તેના પપ્પાને જોઈને બોલતાં હોય છે – પપ્પા ઘેર ચાલોને ! ! અહીં કેમ આવ્યા છો ? તમારા વગર ગમતું નથી. યુવાન સ્ત્રીની મૂંગી વેદનાઓ સામસામી દૃષ્ટિઓ મળે તેમાં જ તૃપ્તિ અનુભવે છે. વૃદ્ધ મા–બાપ એકના એક દીકરાને જોઈને ભગ્ન હૃદયે બોલે છે : બેટા ! આ જિંદગીએ... આ ભવમાં મારે આવું જોવાનું ! ! પણ... બેટા હિંમત રાખજે , ઘરની કોઈ ચિંતા કરતો નહીં... તું શાંતિથી રહેજે...

ક્યારેક મા–બાપની સાથે ઝઘડીને વિખૂટા પડીને આવેલ જુવાનિયાઓ કે જેનો મૂછનો દોરો હમણાં જ ફૂટ્યો છે, જે મુલાકાતની ના પાડે છે. છોરું–કછોરું થાય, માવતર કમાવતર થોડાં થાય !" સાહેબ, મારા મુનિયાને મારી આંખે જરા કરોને ?" આવા પ્રસંગે બંને કુટુંબીઓનું મિલન સમજાવટથી કરતા હોઈએ છીએ.

મુલાકાતમાં નિયમ મુજબ નક્કી થયેલ પૂર્ણ સમય આપવાનો આગ્રહ રાખું છું , જેથી કૌટુંબિક પ્રશ્નોનો નિકાલ થાય. કેદીઓની કુટુંબ સાથેની આત્મીયતા જળવાઈ રહે. પરિણામે કૌટુંબિક ચિંતાઓનો ભાર તેના મન પર ઓછો રહે છે , જેના કારણે જેલના વ્યવસ્થાતંત્રમાં કેદી શાંતિથી પોતાનું જીવન વ્યતીત કરે છે. અને માનસિક તાણ અનુભવતો નથી. સામાન્ય રીતે કોઈ કેદીની મહિનો–બે મહિના કે ચાર માસ સુધી મુલાકાત ન આવે ત્યારે કેદી એકાંગી ઉદ્વેગભર્યું જીવન જીવતો હોય છે. તેના ચહેરા પર નિરાશા અને ગમગીની છવાયેલાં જોવા મળે છે. રાઉન્ડ વખતે આવા કેદીઓના ચહેરા પરથી તરત જ ખબર પડે છે. ત્યારે આવા કેદીને ઑફિસમાં બોલાવીને પ્રોબ્રેશન ઑફિસર દ્વારા કુટુંબની ભાળ મેળવવા અને કુટુંબ સાથે મુલાકાત થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. કેટલીક વખત નિરાધાર અવસ્થામાં બાળકોને રાજ્ય આશ્રયગૃહમાં મૂકીને જેલમાં આવવાનું થતું હોય છે ત્યારે તેનાં બૈરાંછોકરાં અંગેના સમાચાર જે તે સંસ્થા દ્વારા આપવામાં આવે છે અને કુટુંબ સાથે સાતત્ય જળવાય છે. આ રીતે સ્નેહના તાંતણા બંધાય છે. જીવતા જગત સાથે મેળાપ અનુભવે છે...

## સાહેબ, અમારે કોઈ આશરો નથી

નિશાદ મા–બાપનું એકનું એક લાડકવાયું સંતાન. સુખી પરિવાર , આલીશાન મકાનમાં સંસ્કારી લતામાં રહે. કાળના ક્રૂર પંજામાં માતાની મમતા ખોઈ બેઠો. પિતાજીને એકલવાયું જીવનસહ્ય ન બન્યું. નિશાદને સાચવવાની જવાબદારી પણ ખરી. ખૂબ મૂંઝાયા. આખરે પુનર્લગ્ન કર્યાં. સમાજમાં બને છે તેમ પિતા પોતાનું ઘર સાચવવા ને પ્રતિષ્ઠા જાળવવા પોતાની નવી આવેલ પત્ની તરફ વિશેષ ધ્યાન આપે છે. આ બાજુ નવી પત્નીને પુત્રનો જન્મ થાય છે. નિશાદ દિનપ્રતિદિન મોટો થતો જાય છે. અપરમાની અપમાનિત વૃત્તિનો ભોગ બને છે. માણસની પણ આખરે સહન કરવાની હદ હોય છે . નિશાદ ઘરમાંથી ચોરીના રવાડે ચડે છે અને અન્ય ખરાબ મિત્રોની દોસ્તી થાય છે. ને કાયમ માટે અપર માતાના ઘરનાં દ્વાર તેના માટે બંધ થાય છે.

પિતા લાચારીવશ કુટુંબની સ્થિતિને કારણે બોલી શકતા નથી. નિશાદના જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ દુઃખ , લજ્જા, અપમાન, અપકીર્તિ કોઠે પડતી જાય છે અને નફ્ફટ બનીને પણ દુઃખદ દિવસો સહ્ય બનાવે છે. હું સમજું છું કે તેનામાં કેટલી દુષ્ટતા છે ; પરંતુ એ દુષ્ટતાની જનેતા ઘરનું અનિચ્છનીય વાતાવરણ , શિસ્ત અને પ્રેમનો અભાવ છે. માણસને માણસના પ્રાથમિક અધિકારથી વંચિત રાખીને તેનો ત્યાગ કર્યો છે. અને એટલે જ સંસારના સ્વાભાવિક જાહેર માર્ગમાંથી તેને અંધારા લપસણા માર્ગે ન છૂટકે જવું પડ્યું છે અને ગુન્હેગાર બનવું પડ્યું છે, જેનો આશરો માત્ર જેલ છે.

ગંભીરજી વારંવાર જેલમાં આવે. તેમને પૂછ્યું , "કેટલીવાર જેલમાં આવ્યા ?" ત્યારે સજળ નેત્રે જવાબ આપે છે, "સાહેબ, કેટલીવાર આવ્યો છું તે ખબર નથી. મોટા ભાગે જેલમાં જ મોટો થયો છું." તેનું અંગત જીવન તપાસતાં "માતાના અવસાન પછી પિતાજીએ ફરી વાર લગ્ન કર્યાં ત્યારે મારી ઉંમર સાત વર્ષની હતી. અપર માતાના ત્રાસને કારણે ક્યારેય ઘરમાં પગ મૂક્યો નથી. રઝળતાં જ મોટો થયો છું. ફૂટપાથ પર પડ્યો રહું છું. પકડાઉં ત્યારે જેલમાં આવું છું."

વિજય, રામુ ને મનુ કહેતા : સાહેબ, નાનપણથી જ ખરાબ સંગાથે ચડી ગયા જેને કારણે ઘરમાંથી કાઢી મૂક્યા છે. અને જેલમાં આવવાનું બન્યું છે. તેઓને મન જેલ એ મહેલ જેવું હોય છે. એ કાયમ માટે જેલનું પંખી બની જાય છે. આવી સંખ્યા જેલોમાં જોકે ઓછી હોય છે ; પરંતુ

આ લોકો માટે ઘણી ગંભીર સમસ્યા હોય છે અને જેલજીવન એમને કોઠે પડી ગયું હોય છે. તેમાંથી બહાર નીકળવું ખૂબ મુશ્કેલ હોય છે. આવા કેટલાક કેદીઓને રાજ્ય આશ્રિતગૃહમાં મોકલવા પ્રયત્ન કર્યો છે; પરંતુ બહારના વાતાવરણમાં તેમની છાપ ભૂંસાતી નથી. અને એ રીતે તેમનું જીવનચક્ર ચાલ્યા જ કરે છે...

જેલની પણ એક ભાષા હોય છે

જેલમાં કેદીઓનો એક આગવો સમાજ છે . એની આગવી વ્યવસ્થા છે અને આગવી ભાષા તથા સંસ્કૃતિ છે. જેલમાં નવા આગંતુક કે અજાણ્યા આવતા કેદીઓને જેલમાં તેમનામાં એકાકાર કરવાની કે આત્મસાત્ કરવાની અદ્ભુત શક્તિ રહેલી છે. તેમનામાં રહેલી ત્રુટીઓ કે ખામીઓ પ્રથમ નજરે જોઈ શકાતી નથી. તેઓ ખૂબ ચાલાક હોય છે. તેમને જોવાની, તેમને

ઓળખવાની, તેમને સમજવાની , તેમની ક્ષતિઓ જાણી તેમને સદ રસ્તે વાળવાની અનેક દૃષ્ટિઓ હોય છે. અનેક બાજુથી નજર નાખીશું ત્યારે જ તેનું સંપૂર્ણ સ્વરૂપ આપણે પામી શકીશું. અને એ જાણીએ તો જ કેદીઓના પ્રશ્નોનો ઉકેલ , સંસ્થાના વહીવટની ક્ષતિઓ , ઉપાયો અને કેદીઓને સાચું માર્ગદર્શન આપી શકીએ , જેલના સરળ વહીવટમાં ઉપયોગી થઈ પડે. આ ભાષાને બીલીભાષા પણ કહેવામાં આવે છે.

જેનું કોઈ નથી તેનો ઈશ્વર છે :-

દારૂ અને અન્ય કેસમાં છ માસની સજા પામેલ કેદી બાબુ ઉકા કોળી ભાવનગર જેલથી બદલાઈને જામનગર માંદાની જેલમાં સારવાર અર્થે આવ્યો. તેની ઉંમર આશરે ૩૫ વર્ષની હશે. શરીર પર હાડમાળ સિવાય કંઈ નહોતું. જિંદગીના છેલ્લા દિવસો ગણી રહ્યો હતો. નિયમ મુજબ ક્ષયની હૉસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ. હૉસ્પિટલમાં સારવારમાં મદદરૂપ થવા તેના કોઈ નજીકના સગા સંબંધી સાથે રહે તેવી સૂચના હૉસ્પિટલમાંથી થઈ આવતાં એ અંગે ભાવનગર જેલના અધિક્ષકશ્રીએ ભાડું આપી જામનગર મોકલેલ. અત્રે મેં પણ કંઈ જરૂરિયાત હોય તો જણાવવા કહ્યું.

હૉસ્પિટલના ડૉક્ટરોના સઘળા પ્રયત્નો છતાં એવા સ્ટેજ પર દર્દી હતો કે જેમાંથી તે બચી શકે તેવી શક્યતા દેખાતી નહોતી. તેની સારવાર અર્થે આવેલ તેના સંબંધી તેની સ્થિતિ જોઈ માથે પડશે તેમ માની બે-ત્રણ દિવસ સાથે રહી ક્યારે ચાલ્યા ગયા તેની અમને કે દરદીને

ખબર પડી નહીં. આખરે કેદીએ આ દુન્યવી જગતમાંથી વિદાય લીધી. હૉસ્પિટલમાંથી ફોન આવ્યો. તેના મૃતદેહના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવા સૂચના થઈ આવી.

જેલના નિયમ મુજબ જે કેદીના કુટુંબીજનો જો લઈ જવા તૈયાર ન હોય તો જેલના નિયમ મુજબ અવલમંજલ પહોંચાડવાની જવાબદારી જેલ સત્તાવાળાની રહે છે. મનોમન વિચાર કરતાં અમે સૌ મિત્રોએ છેલ્લી કાંધ આપી થોડે દૂર નદી કિનારે લઈ ગયા. કિનારા પર અન્ય બે મૃતદેહોને થોડીવાર પહેલાંજ અગ્નિદાહ દેવાઈ ચૂક્યો હતો. તેમની સાથે આવેલ અન્ય ડાઘુઓ લગભગ ૩૦થી ૪૦ જેટલા હતા. કેદી અને અમને બધાને જોઈને કુતૂહલ દૃષ્ટિએ અમારા તરફ આવ્યા. પૂછપરછ કરતાં કરતાં તેમને જાણવા મળ્યું કે કેદીનું કોઈ પાછળ નથી. અન્ય મૃતદેહના ડાઘુઓના દિલમાં સહાનુભૂતિની સરવાણી વહેવા લાગી. એની ચિતાની વ્યવસ્થામાં સૌ લાગી ગયા. લાકડાં થોડે દૂરથી લાવવાનાં હતાં. આટલાં બધાં લાકડાં વજન કરીને કેદી અને અમે સૌ સ્ટાફને લાવતાં ગોઠવતાં સહેજે દોઢેક કલાક જાય ; પરંતુ બધા જ મિત્રોએ તાત્કાલિક ઉમળકાભેર મદદ કરી. અને આ પરમાર્થના કાર્ય માટે કોઈના મનમાં નહોતા કોઈ ધર્મના , નાતજાતના , ઊંચનીચના કે પોતીકા કે પરાયાના ભેદ... દરેકના દિલમાં લાગણીસભર ઉત્સાહ, કંઈક કરી છૂટવાની નિસ્વાર્થ તીવ્ર લાગણી ને પ્રેમ તરવરતો હતો.

જોતજોતામાં ચિતા તૈયાર થઈ. મૃતદેહને ચિતા પર ગોઠવવામાં આવ્યો. મનોમન પ્રાર્થના કરી. અગ્નિદાહ દેવાયો. જોતજોતામાં પંચમહાભૂતોમાં પાર્થિવ દેહ ભળી ગયો. સ્વગત વિચાર કરતો : કદાચ બાબુ ઘેર મૃત્યુ પામ્યો હોત તો પણ તેની પાછળ આટલા માણસો નિસ્વાર્થ ભાવે નહીં પહોંચી શક્યા હોત. અને એ જ વખતે મારા મોંમાથી શબ્દો સરી પડ્યા...

“જેનું કોઈ નથી, તેનો ભગવાન છે... ...”

# નિર્દોષતા લોખંડી સળિયા પાછળ

નામદારકોર્ટતરફથીચોક્કસપુરાવાનેકારણેસજાલઈનેકેદીઓજેલમાંદાખલથયાપછીથોડાજ સમયમાંપોતાનીજીવનકથનીમિત્રોમાંઅંતઃકરણપૂર્વકવિનાસંકોચેકહેતાહોયછે.

જેલમાં સૂક્ષ્મ નિરિક્ષણ કરતાં અને વ્યક્તિગત અભ્યાસ કરતાં સાચી સ્થિતિનું દર્શન થાય છે. એવે વખતે લાગે છે કે સજા પામીને આવનાર તમામ કેદીઓ સાચોસાચ ગુન્હા કરનાર જ હોય છે તેવું નથી.

સાજણ તેનો જીવનની લીલીસૂકી ઘણીવાર મારી આગળ નિખાલસતાથી રજૂ કરતો . "સાહેબ, હું ખોટો ફસાઈ ગયો છું. મારો કોઈ વાંક કે ગુનો નહોતો , હું મારા બે નાના બછડા (છોકરા); મારાં પત્ની સાથે કાયમ વાડીમાં જ મારી નાની સરખી બનાવેલી વાડીમાંની ઝૂંપડીમાં જ રહેતાં હતાં.

ગામમાં તો અઠવાડિયે માંડ એકાદ વખત જવાનું થતું. મારા કુટુંબ સાથે મારી ખેતીનું કામ મારી વાડીમાં કરતો હતો; પરંતુ ગામમાં બે જૂથો વચ્ચે મારામારી થઈ. મારો નાનો ભાઈ પણ તેમાં હતો. તેથી મારું નામ પણ તેમાં લખાયું ને વાડીમાંથી મારી ધરપકડ થઈ. વગરવાંકે મારે જેલની સજા ભોગવવાની થઈ. હું અભણ માણસ , મને બોલતાં પણ શું આવડે ? મારું નશીબ... બીજું શું કરું ? આ જેલના રોટલા નશીબમાં ખાવાના લખ્યા હશે."

ક્યારેક વડીલવર્ગનો બચાવ કરવા જતાં દોષનો ટોપલો પોતાના માથે લે છે. કુટુંબની પ્રતિષ્ઠા, કુટુંબનો માન-મરતબો અને વડીલ પ્રત્યેની અનન્ય ભક્તિ જોવા મળે છે. એક કેસમાં જગુના મોટા ભાઈને ખેતરના શેઢા માટે ઝઘડો થયો. તેના પિતાજી પણ સાથે હતા તે ખેતરના બીજા છેડે કામ કરી રહ્યા હતા. છોકરાને અને પેલા ખેડૂતને બોલાચાલી થઈ. તેમાંથી ગુસ્સે થઈને લાકડી ફટકારતાં વધારે ચોટ લાગી , જ્યાં પેલા ખેડૂતનું મૃત્યું થયું. વૃદ્ધ પિતાને જતા દહાડે દોહ્યલાં દુઃખ ન ભોગવવા પડે તે માટે નાનાભાઈ જગુએ સજાનો ખોફ જાતે વહોર્યો.

ઑફિસમાં કામ કરતા કવિ "વિરહી"ની પણ આ જ પ્રકારની કહાની છે. પોતે નિર્દોષ હોવા છતાં કુટુંબની સાહેદી વહોરીને પોતાનું જીવન જેલમાં એક સાધનાને માર્ગે વિતાવી રહેલ છે.

પેલા મૂળુએ પોતાના માલિકની આબરૂ બચાવવા ખાતર ગુન્હો કબૂલ કરી જેલમાં આવ્યો. માલિકે તેના માટે જમીન ફાળવી આપી. અને તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી શિરે લીધી હતી-

આવા તો અસંખ્ય કિસ્સાઓ જેલના આંતરિક જીવનમાં ડોકિયું કરવાથી જોવા મળી આવતા હોય છે. કેટલીકવાર જુવાનજોધ દીકરા માટે બાપે શહીદી વહોરી ને જેલમાં આવ્યાના પ્રસંગો જોવા મળે છે. આ હકીકત સામાન્ય રીતે બહારથી જોવા નહીં મળે ; પરંતુ કેદીઓનાં અંતર્ગત જીવનમાં ઊંડે ઊંડે ડોકિયું કરવાથી જાણી શકાય છે. અને સામાન્ય કેદીસમાજ આ બધી જ બાબતો જાણે છે ; કારણે કે હવે તેમને કોઈપણ પ્રકારની બીક નથી. ખોટું બોલવાનો સવાલ પણ પેદા થતો નથી. તેથી નિખાલસ ભાવે તે કહેતા હોય છે.

સામાન્ય રીતે માનસશાસ્ત્રીય રીતે કેદીઓની રોજબરોજની પ્રવૃત્તિનું નિરીક્ષણ કરું છું ત્યારે આવા નિખાલસ અને નિર્દોષ કેદીઓની આગવી પ્રતિભા જેલજીવનમાં ઊભી થતી હોય છે. તેમનું જેલજીવન અન્ય ગુન્હાહિત કેદીઓ કરતાં પણ નિરાળું હોય છે. જેલના કેદીઓ માનભરી નજરે તેમને જોતા હોય છે. આ બધું કેદીઓને નજીકથી જોવાથી જ વાસ્તવિકતા અને સાચી સ્થિતિ સમજાય છે.

હાથની ચોખ્ખાઈ, પવિત્ર વાણી, વર્તન ને વ્યવહારથી જ કેદીઓ ખોટું કરતાં અચકાય છે :-

સામાન્ય રીતે કેદીઓ , અધિકારીઓ અને કર્મચારીઓની વર્તણૂક વિશે સૂક્ષ્મ નિરીક્ષણ કરતા હોય છે. એટલું જ નહીં દરેક કર્મચારી વિષે તેમની પાસે સંપૂર્ણ ઇતિહાસ પણ હોય છે. કોઈ કર્મચારી ક્યાં કેવી રીતે વર્તન કરે છે તે બધું જ તેમની નજર બહાર હોતું નથી. એટલે જ લબક કહે છે : "આપણને ખબર હોય કે ન હોય પણ લોકો આપણું ચારિત્ર્ય હંમેશાં તપાસતા રહે છે." કેદીઓની બાબતમાં પણ તેમ જ છે. તેથી જો કર્મચારી માનવ પ્રત્યેના નૈતિક વ્યવહારોમાં ચ્યુત થઈ જરા પણ પ્રલોભનમાં પડ્યો તો કેદીઓ તેના પર ચડી બેસે છે. તેઓ ખૂબ ચાલાક હોય છે. તે હંમેશાં કર્મચારીઓનાં છિદ્રો–નબળાઈઓ જોતા હોય છે. તેઓ ગેરકાયદે પ્રવૃત્તિ આચરીને જેલમાં આવેલ હોય છે તેથી તેમનું મન જેલમાં પણ આવી પ્રવૃત્તિઓ તરફ રહેવાનું. જો કર્મચારી તેમાં ફસા ય તો સત્યની કે સદાચારીની સુંવાળી વાતો કે કોઈપણ નિયમ સુધ્ધાંનું

પાલન કરાવી શકશે નહીં. જે છાપ પડી તે કાયમ રહેવાની. તે ભૂંસાવાની નથી. તેની કોઈ હસ્તી કે તેનો કોઈ આદર કે સન્માન જેવું રહેશે નહીં.

લોકભારતીના શિક્ષણના ધ્યેયમાં પાયાના સિદ્ધાંત તરીકે ચારિત્ર્ય અને સદાચારના પાઠો , સામાજિક જવાબદારીની દૃષ્ટિએ અને રાષ્ટ્રના ચારિત્ર્ય ઘડતરની દૃષ્ટિએ વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં સિદ્ધાંતનિષ્ઠા તરીકે વણાયેલા હોય છે. જયંત પાઠકની આ કૃતિ અમે વારંવાર વાગોળતા –

ખપે ન ખોટી ચીજ

અમને ખપે ન ખોટી ચીજ

મનને ખપે ન ખોટી ચીજ.

તેથી લાંચરુશવત કે અન્ય સામાજિક દૂષણો પ્રત્યે જાગૃત રહીને સામાજિક જવાબદારીના ભાન સાથે ખોટી ચીજનો દૃઢતાથી વિરોધ કરતાં અચકાતા નથી. એ પૂ. નાનાભાઈની તપશ્ચર્યાનું બળ છે... ...

જેલજીવનમાં ડગલે ને પગલે નૈતિકતાના અનેક પ્રસંગો પેદા થયા છે ત્યારે અણીશુદ્ધ રીતે તેમાંથી બહાર આવવાનો ધ્યેય અને નિષ્ઠા સાથે પ્રયત્ન કર્યો છે ને ઈશ્વરે તેમાં હંમેશાં સહાય કરી છે. અનુભવે જોવા મળ્યું છે કે આપણું મન સાબૂત હોય તો ખોટું કરનાર વ્યક્તિ સામે આવતાં ધ્રૂજે છે. આજદિન સુધીના મારા જેલના અનુભવમાં જોયું છે કે કેદીઓએ ક્યારેય જેલવ્યવસ્થા વિશે ફરિયાદ કરી નથી. અને કેદીઓએ નિયમ વિરુદ્ધ જઈને વર્તન કરવાનો ક્યારેય આગ્રહ રાખ્યો નથી. તેમજ અશિસ્તના વાતાવરણનો કેદી કે સ્ટાફનો ક્યારેય પ્રશ્ન ઉપસ્થિત થયો નથી.

જરૂર જણાય ત્યારે સાચી હકીકતો રજૂ કરતાં ક્યારેય હૃદયમાં ખચકાટ અનુભવ્યો નથી , જે લોકભારતીના શિક્ષણનું આગવું પાસું છે.

----------------

## શ્રી રઘુવીર લાખાભાઈ વોરા

શ્રી. રઘુવીર લાખાભાઈ વોરાનો જન્મ અલમપુર , તાલુકો ધંધુકા , જિ. અમદાવાદ તા. ૧૭-૨-૧૯૪૨ના રોજ થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનના પ્રદેશમાં પૂરું કર્યું. ૧૯૬૪માં લોકભારતી સણોસરામાં સ્નાતક થયા. ૧૯૬૮માં ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં મુખ્ય વિષય સમાજ માનવશાસ્ત્ર લઈને એમ. એ. થયા.

પોતાના પ્રદેશમાં સેવાકાર્યથી આરંભ કર્યો. ગાંધી વિદ્યાપીઠ , વેડછી , જિ. સુરતમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી. હાલ જામનગર જેલના સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે સેવા બજાવી રહ્યા છે.

કુદરતનો કોપ હોય કે માનવસર્જિત આપત્તિ હોય , પણ જ્યાં દુઃખ હોય – માનવતા રડી રહી હોય ત્યાં આંસુ લૂછવા તેઓનાં હૃદય , મન, હાથપગ દોડ્યાં જ હોય. શાન્તિસૈનિકના ધર્મે , જ્યાં જરૂર પડે ત્યાં પહોંચી જ જાય. પછી તે બિહાર કે બનાસકાંઠાનો દુષ્કાળ હોય, અમદાવાદનું હુલ્લડ હોય, બિહાર કે સુરતની રેલ હોય, કે બંગાળનો હત્યાકાંડ હોય.

અનેકવિધ ઉદ્યોગો , કળાઓના જાણકાર છે. લોકસંપર્કની કળા તો સ્વાભાવિક હસ્તગત છે. અને તેને પરિણામે શૂન્યમાંથી સૃષ્ટિનિર્માણ કરી શકે છે. બાળકો સાથે વાર્તા કહેવા , રમવા, કૂદવા વગેરેનો શોખ છે. નાટકો દ્વારા પણ કદીક અભિવ્યક્ત થાય. પોતાની વર્ષગાંઠ સ્વૈચ્છિક રક્તદાન કરીને ઊજવે છે. ૧૦ વાર રક્તદાન કર્યું છે. સરળ સ્વભાવ , નિર્દોષ હૃદય, ઉત્કટતા અને તત્પરતા એમની મૂડી છે.

તેમણે કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે.

૧૯૭૨માં પુષ્પાબહેન જોડે તેમણે લગ્ન કર્યું છે.